Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૧૩ • તા. ૨૪ થી ૩૦ માર્ચ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14



## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–જશાપરના ઉપક્રમે ...
## પુનઃ પ્રતિષ્ઠા અને ધ્વજા વર્ષગાંઠ નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ તા.૬–૧૦/૨/૧૨




















# શેઠ શ્રી કેશવજી નાયક સ્થાપિત ૧૩૫ વર્ષ પ્રાચીન આદેશ્વર જિનાલયે જશાપરમાં મહોત્સવ



























Jai Jinendra.

Everyone in this wide world has a fear; it is the proportion of control that fear has over our lives defines how we live our lives. Some of us are afraid of insects and other crawly creepies, while others among us are afraid of strangers. Success in life will be a direct function of how we cope with our fears and convert them from pitfalls to stepping stones to success.

The easiest way for anyone would be to run away from our darkest fears and alter our lives to avoid them, but the sensible way would be to confront your fears head-on and tame them. For instance, I am afraid of heights but should that stop me from desiring that corner office in a multistory building that is reserved for the CEO and has the best view in the entire office? The answer is a simple NO. It is my utmost desire to highlight people's reactions to some of the commonly experienced social phobias and whether change is required in the way we involuntarily respond to these fears.

The first on my list is the fear of being considered a social misfit. Many of us have a different opinion about the social etiquettes and customs but choose to follow them blindfolded merely due to the fear of being socially isolated if we challenge the age-old customs. But the point is to introspect whether our chain of thought is valid, appropriate and far more refreshing than the previous one. If the answer is affirmative, then we need to find the inner strength and the external support to change these social traditions. The world around us is changing and the way we live and the way we interact as social beings requires a change too. The mere fear of being considered a social outcast in the mildest terms should not deter us from being a catalyst for that change. Peer pressure and pressure from family members is the most common cause of this fear. For instance, the trend today is to get into a relationship since it is considered cool to have a boyfriend or girlfriend and the fear of being labeled 'uncool' compels teenagers to enter into relationships without considering the impact of the same on their lives. While the society does not abhor such relationships altogether, the rationale behind such relationships needs to be questioned hard as to whether is the effect of genuine feelings for a person or a way to become more socially acceptable.  Our need to dress well and follow the current fashion is also a derivative of this so-called fear. Also, many of our elders are reluctant to change their habits because of these fears.

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: સમિતિ સભ્યો :**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતીલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

Another foremost fear that plagues people is the fear of failure. Many of us are reluctant to venture out into the unknown simply because we fear that we fail and will be derided by our fellow beings. The fear of humiliation if we fail keeps us away from all the successes that we would have got if we would have actually performed those actions. Would we have got all these appliances around us if their inventors would have held back due to fear of failure? Would we have seen great achievers such as the father of our nation Mahatma Gandhi if they would have been afraid of failure to find success with their revolutionary methods? Would we witness the greatest businessmen and entrepreneurs of mankind if they would have been afraid of losses and products unacceptable to the public? The outliers have effectively conquered their fear of failure and have transformed all their failures into successes by exhibiting the virtue of courage and flexibility to tailor their products to the expectations of the public. Never be afraid to try something new. Remember, amateurs built the ark, professionals built the Titanic.

Does that mean we should not have any fear? Fear is a powerful motivator and will always spur us on to do things we normally would not do. So, we have to harvest our fear for the right cause and in the right direction and enjoy its fruits. Nelson Mandela once said, "I learned that courage was not the absence of fear, but the triumph over it. The brave man is not he who does not feel afraid, but he who conquers that fear."

***- Hitanshu Shah***

***- 9821242211, hitanshucshah@gmail.com***



Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી,
રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ઠાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી
ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
Mob.: 7666688881
ગુરૂવાર બંધ.

લગ્ન સંબંધી
મુંબઈ સ્થિત, ઉ.વ.૪૩, ઉંચાઈ ૫'–૫", ઘો.૧૨, પોતાનો ધંધો, વેલસેટ યુવક માટે યોગ્ય, સંસ્કારી, કુંવારી અથવા વિધવા, છુટાછેડાવાળી કન્યા કચ્છ કે બહારગામની, ઓછું ભણેલી કન્યા આવકાર્ય.
સંપર્ક : ફોન 09702233102

K. Dixit
રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.
કૌશિક રાયચંદ શાહ (પટેલ) – સાંધાણ
982045 7676
417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in



વગર દવાએ સરળ ઉપચારથી
રજવાડીઠાઠથી જીવવાની કળા
હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.
આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે
Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
Mob.: 9820002953 • Tel.: 022-24121234



## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)
## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

**શૈ. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ (જુન, ૨૦૧૨) થી જામનગર મધે કન્યાછાત્રાલયમાં પ્રવેશ મેળવવા બાબત :**

ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં અભ્યાસ કરતાં જ્ઞાતિની દીકરીઓને અનુક્રમે કન્યાછાત્રાલયમાં નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવે છે.

જામનગર સ્થિત કન્યાછાત્રાલયમાં આગામી શૈ. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ (જુન, ૨૦૧૨) થી ધો. ૭ અને તેથી ઉપરના ધોરણમાં દાખલ થવા ઇચ્છતા જ્ઞાતિના દીકરીઓને અને એમના વાલીઓને આથી જાણ કરવામાં આવે છે કે દાખલ થવા માટેના મુકરર અરજી પત્રકો મુંબઇ તેમજ જામનગર કાર્યાલય પરથી નિ:શુલ્ક મળશે.

અરજી પત્રકમાં પુરે પુરી વિગતો ભરી તથા તે સાથે રૂા. ૫૦ (પચાસ) પુરા દાખલ ફીના તથા વાર્ષિક પરીક્ષાના પરિણામની બે (૨) પ્રમાણીત નકલો જોડી **અરજીપત્રકો મુંબઇ કાર્યાલય પર તા. ૧૦ મી મે, ૨૦૧૨ સુધીમાં મોકલી આપવાના રહેશે.**

**-: અરજી પત્રક મેળવવાનું સ્થળ :-**

**મુંબઇ કાર્યાલય :-**
C/o.: મહેન્દ્ર વી. શાહ, ૧૫, ગૌરવ એપાર્ટમેન્ટ,
૪ થે માળે, નાહુર રોડ, મુલુંડ (વેસ્ટ).
ફોન : (૦૨૨) ૨૫૬૪ ૭૧૧૮
**સમય : સાંજે ૫ થી ૮ કલાકે**

**કન્યા છાત્રાલય :-**
કામદાર કોલોની, રોડ નં. ૩,
શેરી નં. ૩, એરોડ્રોમ રોડ,
જામનગર - JAMNAGAR
ફોન : (૦૨૮૮) ૨૭૧૩૭૭૦

---

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
KDO દશાઓની નવી દિશા

સંચાલિત

# 'આર્ય - ગુણ ધાર્મિક'
## ગ્રુપ ટ્યુશન

જ્ઞાતિજનો માટે ધાર્મિક જ્ઞાન શીખવાની તથા શીખડવાની ઉત્તમ તક

વર્તમાન અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. ની પ્રેરણા તથા આર્શીવાદથી
પ.પૂ. અચલગચ્છાધિપતી આ. ભ. શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ.સા. ના જન્મ શતાબ્દી મહોત્સવને ઉજવણી નિમિત્તે
જન્મ શતાબ્દી મહોત્સવ સમિતી દ્વારા આયોજિત ભાંડુપ અનંત સિદ્ધી મધ્યે પ. પૂ. આ. ભ. કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા. ના
વ્યાખ્યાન દરમ્યાન આપણી જ્ઞાતિના બાળકોમાં / કુટુંબમાં ધાર્મિક જ્ઞાન કેમ વધે તે માટે
જ્યાં જ્યાં જ્ઞાતિનાં દશ (૧૦) કે તેથી વધુ બાળકો/કુટુંબીજનોનું ગ્રુપ થાય
ત્યાં મુંબઇ મહાજનશ્રી દ્વારા ધાર્મિક શિક્ષિકાબેન/ભાઇ ધર્મ ભણાવવા (ગ્રુપ ટ્યુશન) જશે, તેવી વ્યવસ્થા ગોઠવાશે.

આપ સૌ જ્ઞાતિજનોએ ધાર્મિક ટ્યુશન માટે ગ્રુપ બનાવી. મુંબઈ મહાજનના કાર્યાલય, લેખિતમાં પત્ર લખવા નમ્ર વિનંતી.
આ સાથે જ્ઞાતિ અને અચલગચ્છના આ ભગીરથ કાર્યમાં જોડાવવા સહર્ષ આમંત્રણ પાઠવિએ છીએ.

***"આવો સૌ સાથે મેળી ધાર્મિક જ્ઞાનને પામવાના યજ્ઞમાં જોડાઇએ.***

**શિક્ષિકા બહેનો તથા શિક્ષક ભાઈઓ**

આપે શીખેલા ધાર્મિક જ્ઞાનને જ્ઞાતિજન સુધી પહોંચાડવાની ઉત્તમ તક સાથે સારા મહેનતાણાની ઓફર.....
આજે જ લેખિતમાં મુંબઈ મહાજનશ્રી ના કાર્યાલયે અરજી કરવા અનુરોધ...

ગીત ગાતા ચલ ઓ સાથી, ગુનગુનાતા ચલ....

એ ઉક્તીને સાર્થક કરવા અને સમાજના સંગીતરત્નોની
પ્રતિભાને સમાજ સમક્ષ લઈ આવવા...
સમાજને 'સંગીતથી સમૃદ્ધિ' નું મર્મ સમજાવવા

KDO દશાઓની નવી દિશા

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

સંચાલિત

WEALTH HEALTH

## શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

આયોજીત

# THE SOUND OF MUSIC

## ગીત ગાતા ચલ

- **Sunday, 20th May 2012**
  From 6 to 10 pm
- **Sri Shanmukhananda Chadrasekarendra Saraswati Auditorium**
  Sion (East), Mumbai - 400 022.

**સંગીત સંચાલન : શ્રી જયંતીભાઈ ગોશર**

(બોલીવુડ ફેમ, દરેક દિગ્ગજ સંગીતકાર જોડે કામ કરી ચૂકેલા અને
તુઝે દેખા તો યે જાના સનમ, કજરા રે...
જેવી અનેક ખ્યાતનામ ધુનો વગાડનાર આપણા પોતાના કેડીઓ)

**એંકર : શ્રી વૈભવ મોતા** **થીમ : શ્રી મનીષ ડાગા**

**આપ ગાવાના શોખીન છો ? સંગીતની થોડીક પણ તાલીમ લીધી છે ?**
**તો તરત આપના નામ નોંધાવશો....**

શ્રી મનીષ ડાગા – ૨૫૬૭ ૯૬૭૧/૭૨ (સવારના ૧૦ થી ૬)
ડૉ. નુતન લાપસીયા – ૯૮૨૦૬ ૩૯૦૯૦
નામ નોંધાવવાની છેલ્લી તારીખ : ૨૫-૪-૨૦૧૨

***All those interested in taking part as "SINGER" must register before 25-4-2012***

# જખૌ સ્થાને બિરાજમાન પૂ. શ્રી અંબે માતાજીને નમતા

# સમસ્ત મુનવર ભાવિકોની ૧૭મી સમુહ પહેડી પ્રસંગે હાર્દિક આમંત્રણ

**પહેડીના પાવન પળો**

**શુભ દિન : ૧૫-૪-૨૦૧૨નાં સમય સાંજે ૫ વાગ્યાથી..**
**શુભ સ્થળ : સુયોગ પદમાવતી હોલ, પ્રણવ કમર્શીયલ પ્લાઝા**
**શીવસેના ઓફીસની ઉપર, સ્ટેશનની પાસે, એમ.જી. રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.**

**સ્નેહભર્યુ નોતરું :** સર્વે મુનવર ભાવિકો અને પરિવારની નિયાણી બહેનોને સહકુટુંબ તેમજ આમંત્રીત મહેમાનોને સહકુટુંબ પધારવા તથા પ્રેમથી માના દર્શન, વંદન, પ્રસાદનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે. વિશેષ આપના પરિવારની નિયાણી બહેનોને ફોન દ્વારા પણ આમંત્રણ આપી પધારવા જણાવશો.

**-: કાર્યક્રમ :-**

● માતાજીનું સામૈયું ● માતાજીને પોંખવાનું ● માતાજીની મંચપર સ્થાપના અને ભક્તિ આરાધના નૈવેદ્ય વિધાન ● માતાજીની આરતી ● ગાયક કલાકાર **ટીના છેડા અને પાર્ટી**ના સંગાથે રાસ ગરબા અને મનોરંજન કાર્યક્રમ

## ~ પહેડીના લાભાર્થી પરિવાર ~

**સ્વ. ભવાનજી મેઘજી મુનવર પરિવાર - મુલુન્ડ**
**સ્વ. કુંવરજી મેઘજી મુનવર પરિવાર - મુલુન્ડ**
**સ્વ. હંસરાજ મેઘજી મુનવર પરિવાર - અગાશી**
**એવમ્ સ્વ. મેઘજી મુલજી મુનવર સમસ્ત પરિવાર**

## ~ સ્વાગતોત્સુક ~



**મુલચંદ હંસરાજ મુનવર-અગાશી - ૯૮૨૧૨૧૫૯૭૨**
**જયચંદ ભવાનજી મુનવર-મુલુન્ડ - ૯૮૧૯૪ ૪૫૧૮૨**
**વિપુલ કુંવરજી મુનવર - મુલુન્ડ - ૯૮૩૩૯ ૧૫૬૯૧**
**યોગેશ હંસરાજ મુનવર - અગાશી - ૯૮૩૩૭ ૯૫૨૧૨**




**આરઝુ :** મુનવર ગોત્ર પરિવારની આ પહેડીનો લાભ અમને મળ્યો છે તે બદલ સમસ્ત પરિવારના અમે આભારી છીએ.

*સત્ય બન્યું અમ સોનેરી શમણું, અંતરમાં ઉછળે આનંદનું ઝરણું.*
*પહેડીની મંગલ ઘડી આવી, આમંત્રણની નોબત વાગી. પધારજો સૌ પ્રેમથી,*
*નિમંત્રણને સ્વીકારજો સ્નેહથી...*

## આયોજક : મુનવર ગોત્ર પરિવાર

**નોંધ :** આ પત્રિકાને શ્રી મુનવર ગોત્ર પરિવારનું આમંત્રણ સમજી અવશ્ય પધારવા અપીલ છે. કોઈએ પણ વ્યક્તિગત રીતે નાળીયેર ચડાવવા લાવવાનું નથી. પહેડીમાં કોઈએ કાળા વસ્ત્રો પહેરી આવવું નહીં. ૧૮મી પહેડીનો લાભ લેવા ઇચ્છુક કાર્યકરોને ઓફર જણાવવી જેથી તે નામ જાહેર કરી આવકાર/સન્માન કરી શકાય. દરેક સભ્ય માતાજીના દર્શન-વંદન કરી પહેડી પ્રસાદનો લાભ આપશોજી. નિયાણીઓ અને જમાઈઓ સપરિવાર જરૂરથી પધારશો. દરેક સભ્ય પોતાના નામ-સરનામા અને ફોન નં. નોંધાવવા વિનંતી.

# ત્રિતિય પુણ્યસ્મરણ



## સ્વ. શા. લીલાધર ગાંગજીભાઈ લાપસીયા

ગામ : દલતુંગી હાલ : નાંદેડ (મહારાષ્ટ્ર)

અરિહંત શરણ : બુધવાર, તા.૨૫-૩-૨૦૦૯

---

કર્મોસદા એવા કર્યા કે, હૃદયમાં સૌના ગુંજ્યા કરે,

દુ:ખથી કદી ડર્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહી,

ધર્મ કદી ભૂલ્યા નહી, સૌના હૃદયમાં વસતાં રહ્યાં,

આપની વાત્સલ્યતાની સ્મૃતિઓ આંખો ભીંજવે છે.

આપનો દિવ્ય આત્મા મોક્ષપદને પામો

એજ પ્રાર્થના...

---

### *શ્રદ્ધાંજલી સુમન અર્પણ કરનાર...*

પત્ની : શ્રીમતી લાખબાઈ લીલાધરભાઈ લાપસીયા

પુત્રો : ચી.રમેશ, ચી.સુભાષ, ચી.વિજય, ચી.હિમ્મત, ચી.પંકજ

પુત્રવધુઓ : સૌ.રમીલા, સૌ.સુમન, સૌ.હંસા, સૌ.રેખા, સૌ.વિશાખા

પૌત્રો : પિયુષ, નિકુંજ, હર્ષલ, ચિન્મય

પૌત્રીઓ : સૌ.મનિષા નિલેશ દંડ, ગામ : સેવક ભરૂડીયા, હાલ : મુલુન્ડ
સૌ.રિંકુ ભાવિન લોડાયા, ગામ : મોટી ખાવડી, હાલ : લંડન
નમ્રતા (તમુ), પુજા, વામા, દિશા, નિધી, તથા

**શ્રી ગાંગજી કાનજી લાપસીયા પરિવાર અને શ્રી કાનજી રતનશી ધરમશી પરિવાર**

॥ ૐ હ્રીં શ્રી શત્રુંજય તીર્થાધિમંડન શ્રી આદિનાથાય નમઃ ॥

શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ ગુણ-ગુણોદય કલાપ્રભ સૂરીભ્યો નમઃ ॥

# શ્રી શત્રુંજય તીર્થની પરમ પુનિતપાવન ગોદમાં...

**ઉનાળુ વેકેશનને સફળ અને યાદગાર બનાવવા... આજના સમયાનુસાર**

**સચોટ-સરળ અને મનગમતી સંસ્કરણ શિબિર...**

## ધાર્મિક-સામાજિક અને સાંસ્કૃતિક સંસ્કારોની ત્રિરંગી સમ્યક રત્નત્રય વર્ધક કન્યા શિબીર...

**ચાલો... આ વેકેશનમાં ગિરીરાજની છાયામાં...**

ગુરૂવર્યા **પૂ.સા.શ્રી મહોદયાશ્રીજી આ.ઠા.**ની નિશ્રામાં **દશા-વીશા જ્ઞાતિની ૧૦ થી ૩૦ વર્ષની દિકરીઓ-બહેનોની** જીવનની જડીબુટી સમી સાત્વિક સમજ કેળવવા... ઉગતી કેડીએ જ સાર્થક જીવનની સમજણ લેવા અને જીવનમાં દરેક આટાપાટામાં સરળ અને સાચો રાહ પકડવા... અસરકારક અને ઉપયોગી ઉકેલ શોધવા પધારો...

સાદી-સરળ ધર્મસંસ્કારી સમજ **પૂ.સા.શ્રી યશોદયાશ્રીજી મ.સા.**ની સચોટ સાત્વિક વ્યાખ્યાન વાણીને અને જીવનનાં દરેક પ્રશ્નોમાં ઉપયોગી એવું મર્મભર્યું માર્ગદર્શન મેળવવા આ અમુલ્ય તક/લહાવો ઝડપી લો.

આપની વહાલી દિકરીનું ઉનાળુ વેકેશન શરૂ થઈ ગયું હશે. આપની લાડલી... સુસંસ્કારોથી સજજ બને... દેવ ગુરૂ ધર્મપ્રત્યે આસ્થાવંત બને શાસન, સમાજ અને કુટુંબ સેવા માટે કટિબધ્ધ બને એ હેતુથી...

રાષ્ટ્રસંત ભારતદિવાકર પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની જન્મશતાબ્દી સ્મૃતિવર્ષે... તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભ આજ્ઞા અને આશીર્વાદ સંગાથે... સાહિત્ય દિવાકર આ.ભ.પૂ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની મંગલ કામનાના સથવારે, સ્વાધ્યાયપ્રેમી પૂ.સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ની અમીદષ્ટિના પિયૂષ વડે **"શ્રી નવલસોનરાય શ્રમણી વિહાર"-પાલીતાણા**ના પવિત્ર પ્રાંગણમાં કન્યા સંસ્કાર શિબીરનું આયોજન કરવામાં આવેલ છે.

તો આવો.. આપણે સૌ સાથે મળી સુસંસ્કારોને વધુ ઉજાગર કરવાનો નાનકડો પ્રયત્ન કરીએ... **"દિકરી વહાલનો દરીયો... દિકરી બે કુળનો દિવડો."** એ ઉક્તી સાર્થક કરવા આપની વહાલસોયી દિકરીને પ્રેરણા આપી, શિબીરની સફળતામાં સહભાગી બનવાનો અપૂર્વ લાભ લેવાની તક ઝડપી લઈએ. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી જલ્દી પ્રવેશફોર્મ ભરી મોકલીને તમારી જગ્યા અંકે કરી લો. ૧૦ વર્ષથી ૩૦ વર્ષ સુધીની બાલિકાઓ-બહેનો આ શિબીરમાં ભાગ લઈ શકશે. શિબીર દરમ્યાન તમામ સગવડો-સવલતો સાથે આવવા-જવાની ટિકિટની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

બાલિકાઓ/દિકરીઓ આવો... સાથે આપના **સહેલી સર્કલ**ને પણ લાવો અને અણમોલ લાભ ઉઠાવો. જિનશાસનની શાન બઢાવો... શિબીરમાં અનેરી રંગત લાવો.... વેકેશનના સમયને સાર્થક કરવાની તક ઝડપી લો. જીવનમાં "સુખનું સાચું સરનામું" મેળવી લો.

**શિબીર શુભારંભ : મંગળવાર તા.૧૫-૫-૨૦૧૨ સવારે ૯.૦૦ કલાકે**

**શિબીર સમાપન : શુક્રવાર તા.૨૫-૫-૨૦૧૨ સવારે ૯.૦૦ કલાકે**

**પ્રસ્થાન : મુંબઈથી સોમ તા.૧૪-૫-૧૨ના ૨૦.૨૫ ક. બાન્દ્રા ટર્મિનસથી ભાવનગર એક્સપ્રેસ દ્વારા**

**આગમન : તા.૨૫-૫-૧૨ના સોનગઢથી ૨૧.૨૫ ક. નીકળીને બાન્દ્રા મુંબઈ સવારના ૧૦.૩૫ ક. પહોચશે.**

**(પોતાની રીતે આવનારા શિબીરાર્થીઓએ તા.૧૫-૫-૨૦૧૨નાં સવાર સુધીમાં પાલિતાણા પહોંચી આવવું.)**

**આપના આગમનની વધામણીનાં ઇંતેજારમાં...**

**શિબીરના સૌજન્ય દાતા : શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ (સુથરી-વરલી)**

## શત્રુંજય તીર્થે અનોખી ધર્મ સંસ્કરણ કન્યા શિબિરના પ્રવેશ ફોર્મ

પુરૂં નામ ______________________ ઉંમર ________

મુળ ગામ ______________________ સંપર્ક ફોન નંબર ________

સરનામું ______________________

______________________

ધાર્મિક અભ્યાસ : ____________ વ્યવહારિક અભ્યાસ : ____________

અગાઉ કોઈ શિબીર કરી છે? હા/ના

તમારો શોખ (ટુંકમાં) ______________________

______________________

તમારી વિશેષ આવડત / કલા : ______________________

વાલીની સહી ____________ શિબિરાર્થીની સહી ____________

વાલીના ફોન નં. ____________

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

### -: શિબીરાર્થીઓ માટે જરૂરી સુચનાઓ :-

શિબીર દરમ્યાન પૂ.મ.સા. દ્વારા અપાતી સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

મર્યાદાયુક્ત સંસ્કૃતિ મુજબ ડ્રેસકોડ પહેરવાનો રહેશે. (બરમુડા, સ્લીવલેસ, મીની સ્કર્ટ વગેરે નહીં ચાલે) પૂજાના વસ્ત્રો તથા સામાયિકના ઉપકરણો સાથે લાવવા. શિબીર દરમ્યાન પૂજા, દેવસિક પ્રતિક્રમણ, ચૌવિહાર-નવકારશી વગેરે અવશ્ય કરવાના રહેશે. દરેક કાર્યક્રમમાં તમારી હાજરી અનિવાર્ય રહેશે છે. આપ સાંસ્કૃતિક/ધાર્મિક કાર્યક્રમો રજૂ કરી શકશો. પ્રવેશફોર્મની ઝેરોક્ષ નકલ પણ ચાલશે. ફોર્મ ભરીને પરત કરવાની છેલ્લી **તા.૧૫-૪-૨૦૧૨**

પ્રવેશફોર્મ ભરીને પરત મોકલવાનું સરનામું તથા પુછપરછ માટે સંપર્કસૂત્ર : ૯૮૨૦૦૮૪૮૬૭ રાયચંદભાઈ ઘરમશી, અજયભાઈ-૯૮૯૨૩૭૨૭૭૭ ફોર્મ સાથે રૂ.૨૦૦ ડીપોઝીટ ભરવાની રહેશે જે શિબીર પુરી થતાં રીફંડ આપવામાં આવશે. નહીં આવનારની ડીપોઝીટ રીફંડ નહી મળે. ફોર્મ ભરી પાછા આપવાનો કેન્દ્ર : મસ્જીદ બંદરે-અનંતનાથ જિનાલયે, ઘાટકોપર-અનંતછાયા જિનાલયે, ભાંડુપ-આદિનાથ જિનાલયે, મુલુન્ડ-શીતલછાયા નેહરૂ રોડ, સ્ટીચેલ ટેલર્સ અને ડોંબિવલી-શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી ના કાર્યાલયે.

### -: શિબીરમાં આપ માણશો અવનવી વાનગીઓ :-

- દર્શન, જ્ઞાન, ચારિત્ર ધર્મનાં આચાર સંસ્કારો અને સાત્વીક સફળ જીવનની ગુરૂચાવી
- તળેટી દર્શન, સિધ્ધગિરીની યાત્રા, સંધ્યાભક્તિ વગેરે વિવિધ અનુષ્ઠાન-આરાધના
- જિનશાસનના મહાન જ્યોતિર્ધરોની સાહસ કથાઓ, પ્રેરણાઓ.
- ખરું જીવન જીવવાની અમુલ્ય કળા જે જીવનભરની તાલીમ આપશે.
- આહાર વિજ્ઞાનનું માર્ગદર્શન, મહાન સતીઓનાં જીવનની ઝાંખી, સંગીતમય સ્નાત્ર મહોત્સવ તથા અષ્ટપ્રકારી પૂજા, દર્શનીય દેરાસરો તથા મ્યુઝીયમની મુલાકાત અને તેના મહિમા અને ઇતિહાસની રસિક વાતો
- રોજ અવનવી જ્ઞાનવર્ધક રમતગમત સાથે જ્ઞાનગોષ્ટી અને ઘણું જાણવાનું.
- "સવાલ તમારા-જવાબ પૂ. મહારાજ સાહેબના."

સવારે ૬ થી રાત્રે ૯ સુધી ધર્મ આરાધના અને ઉપાસના સાથે અવનવી જ્ઞાન-મનોરંજન પ્રવૃત્તિઓ...

જે તમે કિશોરાવસ્થાના દાયકાભરમાં શીખવાનું ચુકી ગયા તે હવે માત્ર દસ દિવસમાં જ સત્વને ફોરવે અને સમગ્ર જીવનને નીખારે તેવું અણમોલ માર્ગદર્શન અને સંસ્કારોની સુવાસ મેળવી લેવાનો **જિનશાસનનો જાદુ** જાણવા અને માણવા પધારો. આપની દિકરીઓને જીવનનાં આ યુવા જંક્શનપર ખરી શીખ અને પથદર્શન મળી રહે તેવી અજોડ શિબિરમાં સહભાગી થવા પ્રેરણા આપી ઉગતી દીકરીઓ સમાજની શાન અને સંસ્કારોની શણગાર બની રહે તેવી ફરજ અને તક ચુકતા નહીં. આજેજ ફોર્મ ભરી નામ નોંધાવી લો.

॥ શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ તીર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ॥

# જાહેર આમંત્રણ

**પધારો... પધારો.. પધારો...**

## મોડપુર તીર્થ વિકાસયાત્રા ભવ્યાતિભવ્ય સમારોહ

**રવિવાર તા.૮-૪-૧૨ના સવારના ૮ કલાકે**

**સ્થળ : કાલિદાસ નાટ્યમંદિર પી.કે. રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦**

આ કાર્યક્રમમાં શુભ પ્રેરણા - નિશ્રા : **પુ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીજી મ.સા.** માંગલિક, આશિર્વચન અને પ્રેરક માર્ગદર્શન આપશે. અને **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** કાર્યક્રમ સંચાલન કરશે.

સહર્ષ જણાવવાનું કે ૪૦૦થી વધુ વર્ષ પ્રાચીન મોડપુર તીર્થના વિકાસયાત્રા સમારોહમાં આપ સૌ ગામવાસીઓ, નિયાણી બહેનો તથા સગાવહાલા પરિવારજનો સહ સર્વેને વિશાળ સંખ્યામાં પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. પુ.આ.ભ.શ્રી, સમાજના શ્રેષ્ઠીઓ અતિથીવિશેષો, આમંત્રિત મહેમાનો વગેરે આપણાં આંગણે પધારશે ત્યારે તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવું અને હાજર રહેવું એ આપણી શોભા છે. આશા છે કે, આ સંદેશો સર્વેને પહોંચાડી જરૂરથી પધારવા કૃપા કરશોજી.

લિ. ભવદીય

**શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન, ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટ**

**પંકજ કેશવજી ઘરમશી** (પ્રમુખ) **ઠાકરશી ડાહ્યાલાલ ઘરમશી** (ઉપપ્રમુખ)

**બિપીન પાશ્વીર નાગડા** (માનદ મંત્રી) **અશોક લાલજી લાલકા** (ખજાનચી) **રમેશ દેવચંદ વોરા** (ટ્રસ્ટી)

સ્થાનિક ટ્રસ્ટીઓ : **ગુલાબચંદ ત્રીકમજી નાગડા અને જીવરાજ ઘરમશી વોરા** ના

જય જિનેન્દ્ર

---

॥ શ્રી આદેશ્વરાય નમઃ ॥

# અબડાસાની નૂતન પંચતીર્થી 'વાવાલાપરા' પૈકીના વારાપધર નગરે ૧૫૧ વર્ષ પ્રાચીન આદીનાથ જિનાલયે પર્યુષણ પર્વની ઉજવણી કરવા સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને

# હાર્દિક આમંત્રણ

**✿ પ્રસ્થાન ✿**
રવિવાર, તા. ૧૨-૮-૨૦૧૨
૧૯૧૧૫ - સયાજી એક્સપ્રેસ
બપોરે ૨.૫૦ કલાકે
બાન્દ્રા ટર્મીનસથી

**✿ પર્યુષણ પ્રારંભ ✿**
શ્રાવણ વદ ૧૩ ને
મંગળવાર, તા. ૧૪-૮-૨૦૧૨

**✿ પુનઃ પ્રસ્થાન ✿**
ગુરૂવાર, તા. ૨૩-૮-૧૨
૧૯૧૩૨ કચ્છ એક્સપ્રેસ
સાંજે ૭.૫૦ કલાકે
ભુજથી

બાન્દ્રા (ટ) - વારાપધર - બાન્દ્રા (ટ) જવા આવવાનું પ્રતિ વ્યક્તિ રૂા. ૧૦૦૦/- (નોન રીફંડેબલ)
ફક્ત આવવા અથવા જવા માટે રૂા. ૫૦૦/- (નોન રીફંડેબલ) ભરી
આપના નામો વહેલા તે પહેલાના ધોરણે તા. ૧૦-૪-૨૦૧૨ પહેલા નીચેના સંપર્ક ઉપર નોંધાવી દેવા વિનંતી.
સ્થાનિકે-ઉતારાની વ્યવસ્થા સામુહિક રીતે કરવામાં આવશે.



**લી. શ્રી વારાપધર કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન તથા**
**શ્રી વારાપધર જૈન યુવક મંડળના જય જિનેન્દ્ર**



: વધુ માહિતી માટે સંપર્ક :

| | | |
|---|---|---|
| કુસુમકાંત લાલકા | નિલેશ મૈશેરી | જયેશ લાલકા |
| ૯૩૨૩૯ ૬૧૬૧૭ | ૯૮૧૯૮ ૧૨૭૮ | ૯૦૦૪૦ ૩૯૨૧૯ |

## એકતા લેન્ડ ડેવલોપર્સ–નલિયા
## (એકતા નગર ૧)
### મુખ્ય ઈનામ

| ટોકન નં. | ઈનામ | ભાગ્યશાળી વિજેતા |
|---|---|---|
| ૨૧ | ડોન (હીરોમાટો) | શાંતિલાલ દયારામ વ્યાસ (મુલુન્ડ) |

### આશ્વાસન ઈનામો

| ક્રમ નં. | ટોકન નં. | ઈનામ | ક્રમ નં. | ટોકન નં. | ઈનામ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૪૯ | રેફ્રીજરેટર | ૧૩ | ૧૧૨ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૨. | ૫૫ | માઈક્રોવેવ ઓવન | ૧૪ | ૧૦૫ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૩. | ૧૭૨ | ડી.વી.ડી. પ્લેયર | ૧૫ | ૧૭૩ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૪. | ૪ | સીલીંગ ફેન | ૧૬ | ૨૩૧ | ટ્રાવેલીંગ બેગ |
| ૫. | ૧૧ | સીલીંગ ફેન | ૧૭ | ૧૩૧ | ટ્રાવેલીંગ બેગ |
| ૬. | ૧૯૩ | સીલીંગ ફેન | ૧૮ | ૧૬૪ | ટ્રાવેલીંગ બેગ |
| ૭. | ૭૫ | નોકીયા મોબાઈલ | ૧૯ | ૨૨૭ | ફેમીલી ટીફીન |
| ૮. | ૩૭ | નોકીયા મોબાઈલ | ૨૦ | ૧૪૫ | ફેમીલી ટીફીન |
| ૯. | ૧૮૪ | નોકીયા મોબાઈલ | ૨૧ | ૧૨૯ | ફેમીલી ટીફીન |
| ૧૦ | ૧૯ | ડીનર સેટ | ૨૨ | ૧૪૩ | ઈલેક્ટ્રીક પ્રેસ |
| ૧૧ | ૦૧ | ડીનર સેટ | ૨૩ | ૧૧૩ | ઈલેક્ટ્રીક પ્રેસ |
| ૧૨ | ૨૦૬ | ડીનર સેટ | ૨૪ | ૫૯ | ઈલેક્ટ્રીક પ્રેસ |


## રાયધણજર ગામે આવાસ આયોજન

આપણાં ગામનાં દાનવીર શેઠ **શ્રી લક્ષ્મીચંદ વીરજી ગાલા** અને **વલ્લભજીભાઈ ડાહ્યાભાઈ ગાલાએ** પોતાનો વંઢો (દરીયા શેઠનો વંઢો) એ જગ્યા જમીન ફ્રીમાં આપેલ છે. તે જગ્યા ઉપર ફ્લેટો (વન રૂમ કીચન) અને ટુ રૂમ કીચન બાંધવાનું કામ પુરજોશમાં ચાલુ થઈ ગયેલ છે.

આપણાં ગામના જૈન ભાઈ માટે કચ્છી વિશા ઓસવાલ તથા કચ્છી દશા ઓસવાલ પરિવારો માટે જેમને પણ રૂમ લેવાની ઈચ્છા હોય તે બુકીંગ/પુછપરછ માટે સંપર્ક કરી શકે છે.

**–: સંપર્ક :–**

**રાયધણજર આવાસ યોજના સમિતિ વતી**

**ધીરજલાલ ગડા – 098193 44944**

**હરેશ ગડા – 099306 40654**


## મહેંદી ક્લાસીસ
### ડોંબિવલી - મુલુંડ - ભાંડુપ

- ટ્રેડીશનલ, અરેબીક અખાતી, રોઝ, બ્લેક, જરદોશી
- તેમજ એક્સક્લુઝીવ બ્રાઈડલ મહેંદી ડીઝાઈનર્સ
- એડવાન્સ બ્રાઇડલ મહેંદી કોર્સ
- ફુલ પ્રેક્ટીસ અને સર્ટીફીકેટ કોર્સ
- લગ્નની સીઝન માટે એક્સક્લુઝીવ બ્રાઇડલ મહેંદી ડીઝાઈનર્સ
- મહેંદી રસમ તેમજ બ્રાઇડલ મહેંદીના ઓર્ડર લેવામાં આવે છે.
- મુંબઈ તેમજ બહારગામના ઓર્ડરનું બુકીંગ ચાલુ છે.

સંપર્ક : **જસ્મીના એલ. ખોના**

(૧૫ વર્ષના અનુભવી)

(મહેંદી આર્ટીસ્ટ, બ્યુશીયન તેમજ ટ્રેઈનર)

**સંપર્ક : 9833343951 / 9323139732**

મસ્જિદ બંદરથી જવેરાત ક્ષેત્રમાં **૫૦** વર્ષની ગૌરવભરી પરંપરા, હવે આપના માટે મુલુંડ લાવ્યા છે.....

## રમણીકલાલ જયંતિલાલ જ્વેલર
વિજય શાહ

એ વિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, શૉપ નં. 3, પ્રણવ કર્મશિયલ પ્લાઝા, શિવસેના ઓફિસની બાજુમાં, એમ.જી.રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦.

શરૂ કરીએ છીએ
## ગોલ્ડ સ્કીમ

**૦ાા ગ્રામથી ૧, ૨, ૫, ૧૦, ૨૦, ૨૫, ૫૦ અને ૧૦૦ ગ્રામ સુધીના સોનાના સિક્કા મુંબઈના હોલસેલ ભાવે મુલુન્ડમાં મળશે.**

અમારી વિશેષતા **ચાંદીના સિક્કા.**
લગ્ન, જન્મદિવસ તથા ધાર્મિક કાર્યક્રમોમાં પ્રભાવના માટેની ભેટ, **ચાંદીની નોટ** અમારે અહીંયા ઉપલબ્ધ છે

**98201 18781 ● 2568 0323**

॥ દેવાધિદેવ શ્રી આદિ-અનંતનાથાય નમઃ ॥

# હૃદયાંજલિ



જન્મ :
૯-૭-૧૯૩૧

અરિહંત શરણ :
૯-૩-૨૦૧૨

## શ્રી લલીત હિરજી શિયાડ (શાહ)

### જખૌ-રાયપૂર (છ.ગ.)

વિધિના લખ્યા લેખ, કેવા ક્રુર થઇ ગયા, વટવૃક્ષ સમાન વિશાલ કુટુંબમાંથી આપની યાદ સરતી નથી. હજી જોઇતો હતો સાથ પણ તમે દૂર થઇ ગયા. સત્કાર્યો આપણી શોભા હતી સજ્જનતા આપની સુવાસ હતી. પ્રસન્નતા આપનું જીવન હતું. વ્યવહાર આપ કદી ચુક્યા નથી. આપણી લાગણીની સ્મૃતિઓ આંખો ભીજવે છે.

આપનો આત્મા પરમ શાંતિ પ્રાપ્ત કરી સિદ્ધગતિને પામે એજ પ્રભુને પ્રાર્થના....

❁ શોકાતુર ❁

**સમસ્ત શાહ પરિવાર (રાયપૂર – ધમતરી)**

| | | |
|---|---|---|
| પુત્રી – પુત્ર વધુ | : | સૌ. કાજલ ચેતન શાહ |
| દિકરી – જમાઇ | : | સૌ. ભાવના પ્રવિણ શાહ ..............(લાલા–મુલુંડ) |
| | | સૌ. સાધના દિલીપ દંડ ..............(લાલા – થાણા) |
| | | સૌ. મિના કિર્તીકુમાર શેઠ .............(કાક્રજ – કલકત્તા) |
| | | સૌ. મંજરી હિતેશ વોરા ................(નાની ખાખર – કલકત્તા) |
| | | સૌ. રચના મનીષ દંડ ..................(લાલા – બેંગલોર ) |
| નાના ભાઇ–ભાભી | : | સૌ. હિરા ભવાનજી શાહ ...............(રાયપૂર) |
| | | સૌ. ગીતા લહેરચંદ શાહ ...............(બેંગલોર) |
| | | સૌ. લતા ડૉ મહેશ શાહ ................(રાયપૂર) |
| | | સૌ. રતન તિલેશ શાહ.................. (ધમતરી) |
| બહેન–બનેવી | : | ગ. સ્વ. દમયંતી મણીલાલ નાગડા ....(લાલા–ખિરકીયા) |
| | | સ્વ. પ્રેમીબાઇ ધનજી નાગડા ..........(સુથરી–પાયોરા) |


*Liveliness and abounds of knowledge was what our decrease, beloved Nanaji / Dadaji taught us all through his. Momentous life time, spreading humor and making all spell bound by his sharp memory, he had stolen our hearts, but when he breathed his last life came to a stand still for all us.*

*But, a tash that he entrusted upon us was to accomplish deeds that would create history. This was the promise we all made to his departing soul. He shall eternally yet lonely remain etchee in our mind and souls as a living legend always inspiring us.*

દોહિત્ર–દોહીત્રી : *Brijal, Yogini, Yamini, Avani, Himani, Maitri, Yash, Meet, Laksha, Nidhi, Jigar, Zeel, Shreya, Hriday, Parshwa,* પૌત્ર–પૌત્રી : *Srishti, Krishna, Karan, Danil, Bhara, Tiya, Moksha, Sanvi.*

## ૨૮મી પુણ્યતિથીએ વડીલ વંદના
## અમારા સહુના પ્યારા "અધા"

જન્મ
તા.૨૦-૨-૧૯૦૨



અરિહંતશરણ
તા.૧૮-૩-૧૯૮૪

**સ્વ. ગોવિંદજી લીલાધર છેડા (નલીયા)**

આજકાલ કરતાં આપની શીતળ છત્રછાયા અને સ્નેહાળ સંગાથ ગુમાવ્યાને અઠ્યાવીસ વર્ષ વીતી ગયા છતાંય આપની લાગણીસભર સ્મૃતિઓ પળે પળ યાદ આવે છે અને આંખો ભિંજાય છે. આપનો દિવ્ય આત્મા શાશ્વત સુખમાં રહે એજ પ્રભુને પ્રાર્થના સહ નત મસ્તકે શ્રધ્ધાંજલિ.

આપની અમર સ્મૃતિમાં...

**સ્વ. વાલબાઈ ગોવિંદજી છેડા પરિવાર**

પુત્રવધુ-પુત્ર : **સૌ. મુરબાઈ મુરજી છેડા**


**ગં.સ્વ. મધુરી મેઘજી છેડા**

**સૌ. કલ્પના હીરાચંદ છેડા**

**એવમ સમસ્ત છેડા પરિવાર**

## ચૌદમી પુણ્યતિથિએ સ્મૃતિવંદન

જન્મ
તા.૧૨-૪-૧૯૪૬



અરિહંતશરણ
તા.૩૦-૩-૧૯૯૮

**સ્વ. મેઘજી ગોવિંદજી છેડા (નલીયા-શહાડ)**

વિત્યા વર્ષ ચૌદ પણ, યાદ વિના વિતી નથી એકેય ઘડી,
સ્નેહ, સદ્ભાવ અને સ્મિત તણી, ત્રિમૂર્તિ છે અમ હૈયે જડી.
આપના વાત્સલ્યહૃદયી આત્મા પ્રતિ શ્રધ્ધા સુમન.

આપની અમર સ્મૃતિમાં...

ધર્મપત્ની : **મધુરી મેઘજી છેડા**

**માતુશ્રી વાલબાઈ ગોવિંદજી છેડા** (નલીયા)

**માતુશ્રી લક્ષ્મીબાઈ ડુંગરશી મૈશેરી** (લાલા)

પુત્ર-પુત્રવધુ: **સરલા નરેશ છેડા ● કવિતા અતુલ છેડા**

**હંસા મહેન્દ્ર છેડા ● મયુરી ચંદ્રેશ છેડા**


પુત્રી-જમાઈ : **મીનલ દૂરેશ દંડ**

પૌત્રી : **સિધ્ધી, અવની, ચાંદની, ઈશીતા, વિધી, નિધી**

દોહીત્ર : **હીત, રોનક**

**એવમ સમસ્ત છેડા પરિવાર**

## ભાવભીની શ્રધ્ધાંજલી



**સ્વ. ચંદ્રેશ ભવાનજી દંડ (લાલા-મુલુન્ડ)**

અરિહંતશરણ : ૧૭-૨-૨૦૧૨

સમજવીએ કેમ આ મનને?
કે લીધું છે તમે અરિહંતશરણ!
હરી ભરી વનરાજી વીખરાઈ ગઈ
ને રહ્યું માત્ર તમારું સ્મરણ !

**શ્રધ્ધાંજલિ સુમન અર્પણ......**

પત્ની : **વર્ષા** ● પુત્ર : **આદિત્ય**

**સ્વ. શા. ભવાનજી ખીમજી દંડ પરિવાર** (લાલા)

**સ્વ. શા. મણીલાલ ખીમજી મોમાયા પરિવાર** (ડુમરા)

**ઋણસ્વીકાર :** આ દુ:ખદ પ્રસંગે સાંત્વના આપનાર સર્વેના અમે અંત:કરણપૂર્વક આભારી છીએ - પરિવારજનો.

## "કચ્છી કાવની સરવાણી"

(સંકલનકાર - સોમ ધરમશીં)

## કવિ તેજ - મણકો - ૯

### બે પંક્તિઓ નો મર્મી કવિ

### કુભારી કસભ

માટીનાં વાસણ એ આપણી સંસ્કૃતિની નિશાની છે. કચ્છમાં ધોળાવીરા ખાતે ખનન કરતા કેટલાક માટીના વાસણોના અવશેષ મળ્યા છે. ધોળાવીરાની સંસ્કૃતિ ૫૦૦૦થી પણ વધુ વર્ષ જુની છે. કચ્છનાં લોક જીવનમાં કુંભાર તેનાં ગધેડા અને કુંભારનો કસબ એટલે જુદી જુદી માટીને લાવી, ખુંદી લચકો બનાવી ચાકડે ચડાવી, નિંભાડામાં પકવી ટકોરા મારી બજારમાં વેંચવાની કળા છવાઈ ગઈ છે.

**સમાજ મેં જેજો ભોગ આય અજબ,**
**ઈ ચોવાજે 'તેજ' કુભારી કસભ...**

કચ્છમાં માટીનાં ઠામ અને અન્ય વસ્તુઓ માટેનાં નામથી તો કચ્છમાં વસેલા જયેષ્ઠ નાગરિકો અવગત હશે જ પણ નવી પેઢીને આ કચ્છી નામોની રસલ્હાણ કરાવું તો (૧) ચુલ : માટીના રસોઈ કરવાનો ચુલો, (૨) મટ : પાણી પીવાનું માટલું-કુદરતી રેફ્રીજરેટર, (૩) કુઠી : કોઠી - અનાજ સંઘરવા, (૪) ધભલ : મગ-જુવાર-કોયડ જેવા અનાજ સંઘરવાની કોઠી, (૫) માનઈ : બાજરાનો રોટલો શેકવાનો તવો, (૬) ભધક : મુસાફરીમાં સાથે રાખવાનો પાણીનો કુંજો, (૭) પિરભ : પક્ષી માટે પાણી પીવાનું વાસણ, (૮) ડાથરી : લોટમાં પાણી ભેળવી રોટલા માટે તૈયાર કરાતો લોટ બાંધવાનું સાધન, (૯) છાયજો પારો : છાસ મુકવાનું નાનું માટલું, (૧૦) ચરૂઓ, કુના, તસલા, ધલવા, ત્રાંસ ઈત્યાદી ઈત્યાદી...

કચ્છના ગ્રામિણ વિસ્તારમાં અત્યારે પણ પ્રવાસ કરો તો ઘરોના બાંધકામમાં નરીઆ, મોભઈયાં, વા બારાનો ઉપયોગ થતો દેખાય છે. જુની મોલાતું જેવી મેડીયું પર પણ આ કસબનો ઉપયોગ થયેલો દેખાય છે. નવરાત્રીના નોરતામાં કાણાંવાળી માટલી જેમાં ઘીનો દિવો પ્રગટાવી કામણગારી કચ્છની બહેનો માતાજીની ભક્તિ કરે છે તે માટલી પણ માટીની જ હોય છે. પહેલા લગ્ન થતાં ત્યારે ચોરીમાં માટલા વપરાતા અને લગ્ન થયા બાદ શુકન રૂપે એ માટલા વરના ઘરે લઈ જવાતા. સમય બદલાયો તેમ માટીના ઘડાના સ્થાને પિત્તળની કે સ્ટીલની તૈયાર ચોરી જ ગોઠવાય છે.

સુખી દાંપત્ય જીવનનો ઉત્તમ દાખલો કુંભાર અને કુંભારણ આપે છે. કુંભારણ પણ ઘરમાં ફક્ત ચુલો જ નથી ફુકતી, પણ કુંભાર સાથે ખભેખભા મીલાવી સહિયારું કામ કરી તેને સધિયારો આપે છે.

સૌથી મહત્વનું કામ માટલા, તોલડા, દાથરીયું, કુંઢા ઈત્યાદી... ઉપર અવનવા ચિત્રામણ કરવાનું હોય છે. આ માટે માટીના જુદા-જુદા રંગો બનાવી કુંભારણ માટીના ઠામને ઓપ આપે છે. હવે તો મુંબઈના કેટલાક બંગલાઓમાં આ રંગ કરેલા માટલા શોભા માટે મુંકવામાં આવે છે. કુંભારણની આંગળીયોની કરામત આપણા કવિરાજથી છાની કેવી રીતે રહે અને નીચેની પંક્તિઓમાં સરી પડે છે.

**કઈ વરેંથી હલે પેઓ કુભારી કસભ,**
**આંગરીએંજી કલા સેં સોભે તો અજભ !**
**કુભારી કસભ સામેં કેર મારે મેખા;**
**ઈ તાં ભાવ સેં ચિતરા જે, લાખેણી લેખા.**

આમ કુંભાર અને તેનો ગધેડો લોકજીવનમાં જ નહીં પણ આપણી કેટલીક કહેવતો અને ટૂચકાઓમાં સમાઈ ગયો છે. દા.ત. (૧) 'ચ્યો કુભાર ગડોડે ન ચડે, (૨) ગડોડે જે મથે સેંગ નતા હોય, (૩) સાવ ગડોડે જેડો અંઈયેં.

કુંભારની કેટલીક ખાસિયત વિશે આપણને કવિ પાસેથી રમુજી પંક્તિઓ મળે છે.

**માર મોઆડ઼ બુજે ન, ખાર કઢે આટે;**
**કુભાર બાયડ઼ી સેં ન પુજે, તેર ગડોડ઼ીજા કન માટે.**

તેજભાઈ કહે છે કે કુંભાર પોતાની પત્નિને મારી પણ સકતો નથી અને વારી પણ સકતો નથી (આપણામાંથી પણ કેટલાકની આ હાલત હોય છે) જ્યારે તે પોતાની બાયડીને પહોંચી શકતો નથી તેથી ઘરની બહાર ઓટા ઉપર ગુસ્સો ઉતારે છે અને ગધેડીના કાન આમળી લઈ સંતોષ માને છે.

સંત કબીરે પણ માટી અને કુંભારને ખ્યાલમાં રાખી આ ક્ષણભંગુર જિંદગી વિશે સમજાવતા કહ્યું છે કે,

**"માટી કહે કુંભારસે તું ક્યોં રોંદે મોહે**
**એક દિન ઐસા આયેગા મેં રોંદુંગી તોહે."**

છેલ્લે કવિ તેજની કુંભાર અને ગધેડા વિશેની માર્મિક કવિતા સાથે અહીં વિરમું છું.

**કુભારેં જે ગંજે મેં ગવૈયા આયા હુજ સારે;**
**ભાજાર મેં વિઈ કરે જંતર વજાઈંતા.**
**જંતરેંજા સુર સુણી કુભાર તાં આયા ધોડ઼ી !**
**ગવૈઆ પ તીંય છિડ઼ી સંગીત સુણાઈંતા.**
**ગાય-ગાય થકા તડેં જંતરેંકે કયાં ભંધ;**
**માન કીં મિલે તેંલા નિમાણા થિઈ ન્યારીંતા.**
**'તેજ' ત-તાં કુભાર કુછેઆ- ચેંતા વા રંગ રખ્યા !**
**આ જેડ઼ો તાં અસાંજા ગડોડ઼ા-પ-ગાઇંતા.**

વધુ આવતાં અંકે...




### યોગ અને પ્રાકૃતિક ચિકિત્સા

"સ્વયં સ્વસ્થ બનો." અભિયાન હેઠળ દસ દિવસની શિબિર તા.૧-૩થી ૧૦-૩-૧૨ના તિરૂપુરમાં યોજાઈ જેમાં પ્રાકૃતિક ચિકિત્સક ડો. ગીતાબેન જૈન અને એમના સહયોગી દિપકભાઈનાં નિર્દેશન હેઠળ માર્ગદર્શન અપાયું.

ગીતાબેનની અત્રે આ પાંચમી શિબિર હતી. તેમનો સરળ સ્વભાવ વિનય-વિવેકસભર વ્યક્તિત્વ થકી એમના પ્રત્યે દરેકને આદરભાવ થાય. એમના માર્ગદર્શને પ્રાણધારણા, અનુલોમ-વિલોમ, શ્વસનશુધ્ધિ કપાલભાંતી, નૌકાસન, વક્રાસન, તાડાસન સલભાસન વગેરે આસનો સરળ રીતે કેમ કરવા તે સમજાવ્યું. સમજાવવાની શૈલી બહુજ સરળ છે. ભગવાન એમને દિર્ઘાયુ આપે અને આવી શિબિરો યોજીને લોકકલ્યાણ કરતા રહે એવી અંતરની શુભેચ્છા સાથે.

*તિરપુર : ૧૫-૩-૧૨* — *- રમા રતિલાલ નાગડા*

### પખાવાજની કળાને ચેતનવંતી કરવાની જરૂર

અંક ૧૧માં શ્રી લહેરચંદભાઈ મૈશેરીનો "પખાવાજ" સંબંધી લેખ વાંચ્યો. જૂની યાદો તાજી થઈ. ૪૦ વરસ કરતાં પણ બહુ જૂની વાતો છે. શ્રી લક્ષ્મીચંદભાઈ મોતા પોતાના ઘરે જ પખાવાજનો કાર્યક્રમ (એક પ્રકારની મહેફિલ જ સમજી લો) ગોઠવતા. જો હું ભૂલતો ન હોઉં તો ભાવબજારમાં બુધ્ધા ડોસાનાં કે વલુ પિતાંબરનાં માળામાં અને તે પછી લાલજી રામજીના માળામાં પખાવાજના કાર્યક્રમોમાં મેં સક્રિય ભાગ લીધો હતો.એ પુણ્યશાળી અને ઉદારદિલના મહામાનવની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે ! શ્રી લક્ષ્મીચંદભાઈની પખાવાજનાં ગીતોમાં તથા પખાવાજ વગાડવામાં સારી એવી હથરોટી હતી. આજે ઉંમરને હિસાબે ફરક પડી ગયો હશે એ શક્ય છે. સ્વ. રાયચંદભાઈ ગુંદરવાળાની વખારે તો મોકળાશનું વાતાવરણ હતું. વળી (કોઠારાનાં) ત્રણે પટેલ ભાઈઓ (સ્વ. કુંવરજીભાઈ, શ્રી મુરજીભાઈ તથા સ્વ. રતિલાલભાઈ પખાવાજમાં એકદમ નિપુણ કહી શકીએ એવા. એમની સાથે પખાવાજમાં ઝૂમવાનું મન થાય!

તે અગાઉ જુદાજુદા ગામોમાં ફગુઆનું આયોજન થતું. મને યાદ છે કે સાંયરાવાળા સુથરીને તો સુથરીવાળા સાંયરા ગામને આમંત્રણ આપતા. આખી રાત મહેફિલ જામતી. પખાવાજમાં ગાનારા સાંયરાના ત્રણ કલાકાર મહાનુભાવોનો મને આછેરો ખ્યાલ છે. શ્રી જેઠાભાઈ, શ્રી કલ્યાણજી પટેલ તથા મારાજ (પૂજારી). સુથરીમાં શ્રી લક્ષ્મીચંદ તથા શામજી પટેલનાં ઘેરે મહેફિલ જામતી.

પખાવાજ એક જાળવી રાખવાની કળા છે. એમાં પ્રાણ પૂરવાની, એને ચેતનવંતી બનાવવાની જરૂર છે.

*ગાંધીધામ તા.૧૮-૩-૧૨* — *- શામજી પદમશી છેડા*

### પખાવાજ કલાની યાદ

પ્ર.સ. અંક ૧૧ (તા.૧૦થી ૧૬ માર્ચ૧૨)ના પેજ ૧૨ પર ભાંડુપનાં શ્રી લહેરચંદભાઈ મૈશેરી લેખિત "પખાવાજ" જ્ઞાતિની આગવી કલા વાંચી જુની યાદ તાજી થઈ. ખરેખર પખાવાજ એ આપણી જ્ઞાતિની એક આગવી કલા કહો કે પરંપરા કહો જે હવે બહુજ થોડા ઠેકાણે રહી છે.

મને યાદ છે, નાંદેડમાં ઘણાં સમય પહેલા અમો યુવાન હતા ત્યારે વડીલો, શ્રાવણ માસ શરૂ થતાં પર્યુષણ પર્વથી પહેલાજ રોજ રાત્રે ઉપાશ્રયમાં પ્રભુ ભક્તિ ભાવના કરતાં. જેમાં ઝાંજપખા તબલા તથા પેટીવાજો. બસ ન માઈક ન બીજૂ કાંઈ વાદ્ય. શ્રી વેલા પુજારી કે ખીમજી નથુના તબલાની થાપ, શ્રી હંસરાજભાઈનો હારમોનીયમ સ્વ.પાસુભાઈ, સ્વ.નેણસીભાઈ, સ્વ. રતનશીભાઈ જૈનેતરોમાં મોનજીભાઈ ઠક્કર, મોરારજીભાઈ, સ્વ. લક્ષ્મીચંદ નથુ, ભવાનજીભાઈ, ગીરધર દરજી, મુલશંકર જોષી અને અન્યની હાજરી. સમયનો કોઈ બંધન નહી અને જુના સ્તવન ગવાય જે આજે સાંભળવા ક્યારેક જ મળે.

આવો આવો પાર્શ્વજી મુજ મલીયા મારા મનના મનોરથ ફળીયા, ચંદ્રપ્રભુજી ધ્યાન રે મોરી લાગી લગનવા, અહો આજ આંગી બની નવરંગી..., સોવે સોવે સારી રૈન ગુમાઈ વેરણ નિદ્રા, તું કહાંસે આયી, કોણ કરે હરિ કોણ કરે રે ઝંજાળ જગમાં જીવન થોડા, તમો ભાવે ભજી લ્યો ભગવાન જીવન થોડું રહ્યું, મહાવીર તુમ્હારી મનહર મુર્તી, પગ ઘુંઘર બાંધકર નાચું, એકજ દે ચીનગારી મહાનલ એકજ દે ચીનગારી, ચાર દિવસના ચાંદરડા, અવસર બેર બેર નહીં આવે. વગૈરે અને વધાઈ તો અડધો કલાક ચાલે. હવે રહી માત્ર યાદો. જે યાદો ભાંડુપના શ્રી અનંતમિત્ર મંડળ ક્યારેક તાજી કરાવે છે. અમને એમના મંડળ સાથે ૩-૪ વખત પખાવાજનો લાભ મળેલ છે.


*નાંદેડ - ૧૬-૩-૧૨* — *- પ્રેમચંદ મોતા*

### વતનમાં પર્યુષણ માટે રેલ્વે ટીકીટો

તા.૧૦-૩-૧૨થી રેલ્વે આરક્ષણ નિયમોમા ફેરફારને લીધે હવે ટીકીટો ૧૨૦ દિવસ પહેલા મળે છે તે હિસાબે તા.૧૪ ઓગસ્ટ ૧૨થી શરૂ થતાં પર્યુષણ પર્વ માટે વતનમાં જવાની ટીકીટો ૧૦ એપ્રીલ ૧૨ આસપાસ મળી શકશે. જેની નોંધ લેવી.

*મુલુન્ડ : ૧૩-૩-૧૨* — *- દીપક ગંગાજર ડાઘા*

# સ્મરણાંજલિ



**શ્રી પ્રફુલ ચાંપશી પેથરાજ શિયાલ**

**(જીવનયાત્રા : ૨૭/૧૧/૧૯૫૬ - ૨૩/૩/૨૦૧૨**

મહેકમાં મહેક ભળી જાય તો "મૃત્યુ" ન કહો
તેજમાં તેજ ભળી જાય તો મૃત્યુ ન કહો
રાહ જુદી જ જો ફંટાય તો મૃત્યુ ન કહો
શ્વાસની લીલા સમેટાય તો મૃત્યુ ન કહો !

દીર્ઘયાત્રાને જરૂરતથી સજજ થઈ જઈને
એક મંઝિલની લગન આંખે ઉતરવા દઈને,
ભાનની ક્ષણને કાળજીથી સમેટી લઈને,
"આવજો" કહીને કોઈ જાય તો મૃત્યુ ન કહો !

શબ્દ ક્યા પહોંચે છે તે જાતે નિરખવા માટે
ભાનની સૃષ્ટિની સીમાને પરખવા માટે
દિલના વિસ્તારની દુનિયામાં વસવા માટે
કોઈ મહેફિલથી ઉઠી જાય તો મૃત્યુ ન કહો

**યાદમગ્ન**

**રેખા**

**ફાલ્ગુની (મોના)        જીગ્નેશ**

**અજય અને ઉર્વી**

**માતુશ્રી મંજુલા ચાંપશી પેથરાજ શિયાલ સમસ્ત પરિવાર**

(ભાંડુપ-દલતુંગી-અમદાવાદ)

**માતુશ્રી જયાવતી રાયચંદ નરશી લોડાયા સમસ્ત પરિવાર**

(નાનીખાવડી)

# IN SEARCH OF GOD

*- Laheri Lodaya (Mulund)*

We all want to meet God, but will we recognise god, if we meet him in the street?

If you meet Mahavir, Buddha, Krishna, Ram, Jesus or Prophet Mohamad in the street, will you recognise them ?

Once, Jesus had this stray thought in his mind that he should make a surprise visit to the Earth because he has the largest followers on the Earth and Christainity was also the religion followed by many.

On a Sunday morning, Jesus came down and stood under a tree opposite a church in a small town. Most of the people entering the church for the Sunday mass ignored him. Some passed uncharitable remarks saying that people have stooped so low that they come begging in the disguise of God ! Some thought he wanted to cheat the people. Some used abusive language. Some even told him why was he imitating God. There was utter chaos and seeing this Father came out from the church and saved Jesus and took Jesus to a small room in the backyard of the church and locked Him. The crowd soon afterwards dispersed discussing the sudden appearance of SO CALLED GOD.

None of the church goers recognised Jesus who was real God standing in front of them.

After all the church services were over, in the late evening, Father went to the room, unlocked and fell on the feet of Jesus and admitted that indeed he had recognised Him , but pretended ignorance in front of the crowd because all the business was well set here and He (Jesus) would be upsetting it. He should not attempt to come on Earth and interrupt the establishment that is running perfectly well and everyone is quite happy with the arrangements !

Friends, all the times, in similar fashion Jesus, Mahavir, Buddha, Krishna, Ram etc are coming to us in different forms, but we fail to recognise them because we no more trust the real GOD but have immense trust in His idols, His photos, His temples, His churches, His mosques, His Derashars, His pandits, His gurus, His bapas, His Maharajs Mumbai and have lost the faith in real God. We have lost the sight to see them, to acknowledge their presence. We do not see Mahavir in each human being. Was not Mahavir a human being before he bacame God, before he bacame Mahavir. Now, again when Mahavir comes to us in the form of human being, why we fail to recognise him

We go to derashar to look for the God in the idol, but we fail to see the God residing in the human being outside the temple. We like to listen that God is residing in us, but we are not able to accept the idea that he is also residing in others like us. I am not giving any religious sermon nor preaching any particular ideology.

Some times, when we meet a very good person, we say to ourselves that he is like God! ( Bhagwan jo madu aye) Can we not become like the person whom we met. Can we not become Bhagwan ja madu ! God has given us everything without asking, so why not give something to others without their asking for it ? If everything belongs to God, why offer gifts, prasad, cash to him and instead give it to some one who needs it ? We pour thousands of litres of milk on Shiv!ing, but will not give a glass o3 milk to a poor boy ! Mahavir gave up his throne, his palatial comforts in search of salvation and we are trying to give it back to him and in his name we call " Bolis ` ( So called chadavas ). Saibaba was a fakir and we offer him diamond studded gold crown ( mughat

! Does Saibaba need the diamond studded gold crown ? We always look forward to some opportunity to offer Gods some tangible things, on some festive occassion or on fulfillment of our secret desires and

expectations ! ( Manta puri thai ) ! But we I to understand what is God's wish. May be this is the reason that God comes again and again in one form or the other, with the hope that we will recognise HIM and will see HIM in each and every living being.

So let us stop looking for God only in temples. churches, mosques,derashars and start looking for him within ourselves and within others.

(P.S.The writer has no intention of hurting anyone's religious sentiments or beliefs )

***Contact- 09820299330 laherilodaya@yahoo.com***

卐 શુભ ।। અનંત ચોવિશીજિન નમો ।। લાભ 卐

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**


૩-૪-૨૧૫/એ, આર.કે. કોમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઇન્ડીયાની ઉપર, કાચીગુડા,
હૈદરાબાદ-૫૦૦૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫ / ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** (સંપર્ક : ફોન ૦૯૨૪૬૫૩૨૫૪૫)
પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** (સંપર્ક ફોન ૦૯૮૪૯૯૮૮૯૯૯)


## Vision 12-12-12

શ્રી કુલપાકજી તીર્થયાત્રીસંઘ કાચીગુડા (હૈદરાબાદ)નાં ઉપક્રમે બુધવાર તા.૧૨, ડિસેમ્બર ૨૦૧૨ના શ્રી સમ્મેતશીખરજીની પહાડયાત્રા કરવાનું નિર્ધારીત કરેલ છે. પહાડયાત્રાની સાથે અન્ય તીર્થસ્થાનોની ૧૨ દિવસના યાત્રા કાર્યક્રમની રૂપરેખા વહેલી તકે બહાર પાડવામાં આવશે. શ્રી સંઘ સાથે ૧૨૦૦ ભાવિકોને નજીવા નકરામાં (અંદાજીત રૂ.૧૨૧૨/- માત્ર) યાત્રા કરાવવાનું લક્ષ્ય રાખી બારના આંકડાને સાર્થક કરવાનું છે.

કોઈ પણ ધાર્મિક આયોજનની સફળતાનો આધાર દાતાઓના અનુદાન ઉપર નિર્ભર હોય છે. માટે શ્રી સંઘે નીચે મુજબની યોજના બહાર પાડેલ છે. તથા દાતાઓને અપીલ કરવા માંગે છે કે આ સુંદર યોજનાની તક ઝડપી લેશો તથા શ્રી સંઘના આ ભગીરથ કાર્યને અનુમોદીત કરવાનું પુણ્યાર્જન કરશો.

**૧) સમસ્ત આયોજનના સંઘપતી બનવા માટેનું અનુદાન ................₹૫૧,૧૨,૨૧૨.૦૦**

**૨) વિજ્ઞાપન સૌજન્ય માટેનું અનુદાન (પ્રકાશીત થનાર પ્રત્યેક જાહેરાત, પરિપત્રક / પોષ્ટરમાં દાતાનું સૌજન્ય આવશે) .........................₹૧૨,૧૨,૨૧૨.૦૦**

**૩) બાર દિવસ પ્રતિદિન દરેક**

**નવકારશી ભક્તિ માટેનું અનુદાન ............................................₹૧,૧૨,૨૧૨.૦૦**

**બપોરનાં સાધર્મિક ભક્તિ માટેનું અનુદાન ................................₹૩,૧૨,૨૧૨.૦૦**

**સાંજના ચોવિહાર ભક્તિ માટેનું અનુદાન ................................₹૨,૧૨,૨૧૨.૦૦**

**૪) હૈદરાબાદમાં બહારગામથી આવનાર ભાવિકોને રહેવાની સગવડતા તથા યાત્રા વિદાય શુભેચ્છા સમારંભના આયોજન માટેનું અનુદાન.........₹૪,૧૨,૨૧૨.૦૦**

**૫) બાર દિવસ ટ્રેનમાં તથા તીર્થસ્થળે પૂજન તથા ભક્તિભાવનાની વ્યવસ્થા માટેનું અનુદાન ....................................................₹૫,૧૨,૨૧૨.૦૦**

**નોંધ** : પ્રત્યેક યોજનાનાં લાભાર્થી એક જણ અથવા એકથી વધારે પણ હોઈ શકે છે. પરંતુ સંપર્ક સુવિધાખાતર અનુદાનની રકમની જવાબદારી કોઈ એક વ્યક્તિએ લેવી પડશે.

**શ્રી કુલપાકજી તીર્થયાત્રાના કાયમી સંઘપતિ**
**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા**
**(મોટા લાયજા-મુંબઈ)**
હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જય જિનેન્દ્ર

**તા.૨૫-૩-૨૦૧૨ આપનાં લગ્નજીવનની ૩૩મી વર્ષગાંઠે... ભાવભીની શ્રધ્ધાંજલિ**

જન્મ
૧૩-૧૧-૧૯૫૩



અરીહંતશરણ
૨૯-૦૨-૨૦૧૨

**અ.સૌ. જ્યાબેન વિનોદ મોતા (તેરા-મુલુન્ડ)**

યાદ તમારી છે અમારા દિલમાં, ખોટ હમેશાં વર્તાશે, ન જવાની રજા માંગીને "આવજો" કર્યું.
એક લાગણી સભર હૃદય તમારૂં ધબકતું અટકી ગયું.
અમને નોંધારા કરી તમે પ્રસ્થાન કર્યું. વિદાય તમારી હજુ મન સ્વીકારતું નથી.
હૈયામાં વિચારોની વેદના સાથે આપીએ છીએ શ્રધ્ધાંજલિ...
તમારો આત્મા જ્યાં પણ હોય ત્યાં પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે... એવી પ્રાંજલ પ્રાર્થના..

**-: શોકાતુર :-**

સાસુ-સસરા : **સ્વ. પ્રેમાબાઈ મુલજી રામૈયા મોતા**
પતિ : **વિનોદ મુલજી મોતા**

પુત્રી - જમાઈ : **અ.સૌ. નેહલ પરાગ પ્રફુલ નાગડા** (નલીયા-ઐરોલી)
જેઠ-જેઠાણી : **અ.સૌ. જવેરીબેન કુંવરજી મોતા ● અ.સૌ. હેમપ્રભા ભરત મોતા**
દીયર-દેરાણી : **અ.સૌ. ધનલક્ષ્મી ધનપાલ મોતા**
નણંદ-નણંદોઈ : **સ્વ. વિજયાબેન પ્રેમચંદ છેડા ● સ્વ. દમયંતીબેન પુનશી ધરમશી**
માતુશ્રી : **ગં.સ્વ. પ્રેમાબાઈ રાયમલ જીવરાજ નાગડા** (ગદગ-નલીયા)
ભાઈ-ભાભી : **અ.સૌ. પુષ્પાબેન કિશોર નાગડા ● અ.સૌ. સુભદ્રા હરીશ નાગડા**
**અ.સૌ. ઉમાબેન લલીત નાગડા ● કીરીટ રાયમલ નાગડા** અને **સ્વ. પ્રતાપ રાયમલ નાગડા**
**એવમ્ સમસ્ત મોતા તથા નાગડા પરિવાર**

## છમાસીક પુણ્યતીથીએ

## ભાવભરી શ્રધ્ધાંજલિ

જન્મ ૧-૧-૧૯૫૨



સ્વર્ગવાસ ૩૦-૦૯-૨૦૧૧

## સૌ. ગુણવંતી હીરાચંદ લોડાયા

**(સાંયરા-મુંબઈ)**

આશા અને અરમાનોની અધવચ્ચેથી તારી વસમી વિદાય, કુટુંબ માટે વજાઘાત બની રહી છે. તારો સ્નેહભાવ, મિલનસાર સ્વભાવ પરિવાર માટે સમર્પિત ભાવ અને ધર્મપારાયણતાની સાથે જીવનને અજવાળ્યું એવા પરમ આત્માને પરમ પદની પ્રાપ્તિ હોજો એજ પ્રભુને પ્રાર્થના...

**આંસુભરી શ્રધ્ધાંજલિ...**

**શા. નારાણજી કલ્યાણજી ધરમશી પરિવાર** (સુથરી-મુંબઈ)
**શા. હીરાચંદ ચત્રભોજ લોડાયા પરિવાર** (સાંયરા-મુંબઈ)

સમાચાર સંકલન — સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### પૂ.આ. કલાપ્રભસાગરસુરીજીનું રજતસુરીપદ

યુવાચાર્ય પૂ. કલાપ્રભસાગરજીના આચાર્યપદનાં ૨૫ વર્ષ પુર્ણ થતાં સુરીપદનો રજતોત્સવ ગૌરવાન્વિત કરેલ પૂજ્યશ્રી હાલ માટુંગા આસપાસ પરિસરમાં ધર્મ પ્રભાવના વિવિધ ઉજવણી આદિની પ્રેરણામાં પ્રવૃત છે. પૂજ્યશ્રીને સુરીરજતવર્ષે હાર્દિક શુભેચ્છા વંદના...

### સમુહ વરસીતપ અભિયાનનો વ્રતોચ્ચાર

અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે પૂ.આ.. શ્રી ગુણસાગરસૂરીજીની જન્મ શતાબ્દિ મહોત્સવ નિમિતે કચ્છ ૭૨ જિનાલયે ૪૩-૪૩ સળંગ વરસીતપ આરાધક પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીની નિશ્રામાં વરસીતપ વ્રતોચ્ચાર અને મુંબઈમાં પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી દ્વારા ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં વ્રતોચ્ચાર થયા.

પૂ.આ.શ્રી આર્યરક્ષિતસૂરીજી પ્રેરિત અચલગચ્છ સ્થાપનાની નવમી શતાબ્દિ ઉજવાય છે. સમુહ વરસીતપ અભિયાનમાં મુંબઈમાં ૧૦૦૦ થી વધુ સંકલ્પપત્ર આવ્યા છે. જેમાંથી ૮૫૪ તપસ્વીઓએ હાજર રહી પચ્ચખાણ લીધા. શ્રી નરેન્દ્ર નંદુએ પધારેલ શ્રાવકગણને ધર્મભક્તિમાં તરબોળ કર્યા. દેશ દેશાવળમાં પૂજ્યો વરસીતપમાં જોડાવા પ્રેરણા આપી રહ્યા છે. પ્રવચન પ્રભાવક મુનિ દેવરત્નસાગરજીએ મહારાષ્ટ્ર-દક્ષિણમાં અનેક ભાવિકોને પ્રેરણા આપી.. તા.૨૪-૪-૧૨ના ગત વરસીતપનાં પારણા કામગાર ક્રિડા કેન્દ્ર, એલ્ફીસ્ટનમાં યોજાશે. જેમાં ૨૭૫ તપસ્વી પારણાં કરશે. તેમના અતરપારણા તા.૯-૪-૧૨નાં બપોરે માટુંગા સંઘની શેઠ નારાણજી શામજી મહાજનવાડીમાં છે.

### શ્રી જૈન શ્વેતાંબર જિનાલય-ખિરકિયા

અત્રેના જિનાલયની દસમી વર્ષગાંઠ હર્ષોલ્લાસથી ઉજવાઈ. તે નિમિતે તા.૧૮-૨ નાં અઢાર અભિષેક હતા. અભિષેક દરમ્યાન ચંદ્રદર્શનનો લાભ શ્રીમતી વનિતાબેન નરેન્દ્ર લોડાયા પરિવાર (અમલનેર), સૂર્યદર્શન તથા શાંતિકલશનો લાભ શ્રી ભવાનજી વેરશી નાગડા પરિવારે લીધેલ.. આરતીનો લાભ શ્રીમતી ઉર્મિલાબેન વીરચંદ ધરમશી પરિવારે લીધેલ.. દીપક તથા અષ્ટપ્રકારી પૂજાનો ચડાવો શ્રી ચંદ્રકાંત ભવાનજી નાગડા પરિવારે લીધેલ.

તા.૧૯-૨ના સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ.. ધ્વજા ચડાવવાનો લાભ શ્રી જોગીલાલજી રાકા પરિવારે લીધેલ.

રાત્રે ભક્તિભાવના હતા.. ભાવના દરમ્યાન નવ્વાણું યાત્રિકોનું બહુમાન કરાયેલ.. માસુમી હેમચંદ નાગડા તથા વિશાખા ઉમેશ નાગડાએ પૂ.આ.શ્રી કિર્તીયશસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં નવ્વાણું યાત્રા તથા ચૌવિહારી છઠ્ઠ કરીને સાત યાત્રા દેવગુરૂની કૃપાથી પૂર્ણ કરેલ. તેમનું મહિલા મંડળ તરફથી બહુમાન કરવામાં આવેલ.. કું માસુમી નાગડાએ નવ્વાણું યાત્રામાં રોમાંચકારી તથા આનંદદાયી સંસ્મરણો સંઘ સમક્ષ પ્રસ્તુત કરેલ.

પ્રભુજીની આંગી નાગડા પવિારના બાળકોએ કરી તે બદલ હરીશભાઈ નાગડા તરફથી તેમને રૂા.૫૦૦ નાં ઇનામ અપાયેલ.. સંઘ તરફથી સ્વામીભક્તિ રાખવામાં આવેલ..

### શ્રી જૈન મિત્ર મંડળ-નાંદેડ

નાંદેડના જૈન મિત્ર મંડળ દ્વારા ૧૦૦ થી વધુ વર્ષ પ્રાચીન આદેશ્વરની પ્રતિમાજીનું દિગંબર જિનાલયમાં તા.૧૫-૩-૧૨ના આદિનાથ જન્મ કલ્યાણક દિને દર્શન અને સમુહ ચૈત્યવંદન કાર્યક્રમ ગોઠવેલ.. શ્વે.. મુર્તિપુજક સંઘ દ્વારા પ્રથમવાર આ પ્રકારે દર્શન વંદન કરવા ૫૦થી વધુ ભાવિકો શરાફાચોકથી પગપાળા જઈ દર્શન-ચૈત્યવંદન કર્યા હતા.. ત્યાં ટ્રસ્ટીઓએ પણ સંઘને આવકારીને સંઘપૂજન કરેલ.. અગ્રણીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત થયેલ..




અભિનંદન અને અનુમોદના

**માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર દ્વારા**

*શત્રુંજય તીર્થે શ્રી અજિત-શાંતિ પુનઃપ્રતિષ્ઠાના અજોડ અનેરા અનુષ્ઠાનની અને જ્ઞાતિ ગૌરવ સમા ઐતિહાસિક મહોત્સવની અંતરભીની અનુમોદના...*

**તન-મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ● તન-મન ઇન્ટરનેશનલ ● બેલા ટુર્સ પરિવાર**

## શ્રી પ્રેમચંદ મોતા–કોલકતા

જાણીતા જિંગલ્સના કવિ પ્રેમચંદ મોતા કોલકતામાં મસાલા બ્રોકર છે જેઓ હાલમાં દુબઈમાં ૧૦ થી ૨૨-૨ દરમ્યાન યોજાયેલ ગલ્ફ ફુડ એન્ડ ઈન્ડીગ્રેન્ડસનાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં સહભાગી થયા હતા. આ પ્રદર્શન ત્યાંના અગ્રણી શાસક શેખ મુહમ્મદે ઉદ્ઘાટન પ્રવચનમાં તેમને મસાલોં કે "સુલતાન"ની ઉપમા આપી નવાજેલ.

આ પ્રદર્શનમાં મસ્કત, પાકિસ્તાનના કચ્છી ગુજરાતી વેપારીઓ અને દેશવિદેશની મોટી એકસપોર્ટ કાંુઓએ ભાગ લીધેલ. ભારતનાં ૧૫૧ વ્યાપારી અને ૮૮ દેશના ૩૮૦૧ કાં એ ભાગ લીધેલ. પાંચેક લાખ ગ્રાહકોએ આ મેળાની મુલાકાત લીધેલ.

## મોડપુર તીર્થ વિકાસ માટે મુંબઈમાં બેઠક

સૌરાષ્ટ્ર હાલારમાં મોડપર ગામે સુપાર્શ્વનાથનું ૪૦૦ વર્ષ પ્રાચીન તીર્થ આવેલું છે. જેના નવનિર્માણ અને વિકાસ માટે મુંબઈમાં સમગ્ર અચલગચ્છસ્તરે અગ્રણીઓની બેઠક રવિ. તા.૮-૪-૧૨ના સવારે ૮ વાગે મુલુન્ડમાં કાલીદાસ સભાગૃહમાં પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.ની પ્રેરક માર્ગદર્શન-નિશ્રાએ મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદાની અધ્યક્ષતામાં મળશે. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ અતિથી વિશેષરૂપે પધારશે. પ્રાચીન તીર્થની વિકાસયાત્રાની સમજ અપાશે. હાલાર વિભાગમાં અચલગચ્છનું શણગારરૂપ તીર્થ નૂતન સ્વરૂપે કંડારાશે. તીર્થવિકાસ યાત્રા મંગલાચરણ કાર્યક્રમનું સૂત્ર સંચાલન શ્રી નરેન્દ્રભાઈ નંદુ કરશે.

## નાંદેડ–આયકૉન્સ

નાંદેડની લાખોની વસતીમાંથી ઉચ્ચ પ્રતિભાવંત ફક્ત ૪૦ જણ નાંદેડ આયકૉન્સ તરીકે ચુંટાયા તેમાં આપણી જ્ઞાતિના શ્રી હર્ષદ લક્ષ્મીચંદ લાપશીયાની પસંદગી થઈ છે જે જ્ઞાતિગૌરવની બાબત છે. શ્રી હર્ષદભાઈ B.Com., LL.B. C.A. ને આદરણીય સામાજિક કાર્યકર છે. નાંદેડમાં દરેક સમાજનાં કાર્યોમાં અગ્રક્રમે છે. તેમનું શિક્ષણ, સામાજિક ભાવના, કલા કાબેલીયત થકી સર્વત્ર સારી ઓળખ અને માન છે. આ માન મેળવવા બદલ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ.

## શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ–કાંજુરમાર્ગ

અત્રે સામાયિક મંડળ દ્વારા તા.૧૦-૩-૧૨ના સવારના ૫.૩૦ વાગે શાંતિનાથ દાદાના દર્શન કરી યાત્રા પ્રારંભ કરેલ. ત્યાંથી કામણ-મહાવીરધામ-મનોર ભૈરવધામ-સાતીવલી-પ્રતાપધામ-પાલઘર, પાર્શ્વનાથધામ-મહાલક્ષ્મી મંદિર-પારસ વડલો-તલાસરી-નંદીગ્રામ-નરોલી-સેલવાસા-દાદરા નગર હવેલી, વાપી થઈ બગવાડા રાત્રીમુકામ કરેલ.

બગવાડાથી ઉદવાડા સંજાણ-તીથલ-ઉંમરગામ-દહેરી-બોરડી-ઘોલવડ-દહાણુ-કોસબાડ-વગેરે તીર્થોના દર્શન-વંદન કરેલ. દરેકને રૂ.૫૦નું સંઘપુજન થયેલ.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ–મુલુંડ (પૂર્વ)

સંઘની અસાધારણ જનરલ સભા તા.૨૫-૩-૧૨ના સવારે ૯.૩૦ ક. નૂતન વિવિધલક્ષ્મી આરાધના ભવનના બીજા માળે, નવઘર રોડ, મુલુંડ (પૂર્વ)માં મળશે. જેમાં શ્રી સુમતિનાથ ભગવાનના નૂતન જિનાલયમાં પ્રભુજી આદિ દેવ-દેવી ગુરૂમૂર્તિઓના પ્રવેશ, અંજનશલાકા-ગાદીનશીન પ્રતિષ્ઠાનાં મળેલ મુહૂર્તોની માહિતી તથા તેને લગતા ચડાવા અંગે રૂપરેખા રજુ કરાશે.

## નલીનપુર નારી નિગમ

નિગમ દ્વારા વિશ્વ નારી દિન નિમિતે તા.૧૭-૪-૧૨નાં બપોરે ૨ વાગે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધા ક્રોસ રોડ, મુલુડમાં કાર્યક્રમ છે. જેમાં શ્રીમતી ભાવના ખોના સ્વાગત પીણાં અને ઉનાળા માટે મોકટેલ ઠંડાપીણાનો ડેમો બતાવશે. નિગમનો પંચવાર્ષિક કાર્યક્રમ યોજવા વિચારણાં થશે. સર્વે સભ્યોને પધારવા અનુરોધ છે.

## શ્રી કુલીન લુઠીયાને ધરતીરત્ન એવોર્ડ એનાયત

જાણીતા સામાજિક કાર્યકર C.A. શ્રી કુલીન લુઠીયાને સમાજિક કામગીરી બદલ ગુજરાતના રાજ્યપાલના હસ્તે આમેવા એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી ધરતીરત્ન એવોર્ડ એનાયત થયેલ.

ગુજરાત વૃધ્ધાશ્રમ મહામંડળમાં તેમની ટ્રસ્ટીપદે નિમણુંક થઈ છે તેમની પ્રેરણાએ વલસાડ ધરમપુરમાં સાઇનાથ ડાયાલીસીસ સેન્ટરને છ લાખનું અનુદાન થયેલ.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**
(વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ–ચાલીસગામ

પૂ. જયલક્ષ્મીશ્રીજી પ્રેરિત ટ્રસ્ટ દ્વારા પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને કાર્યો સારી રીતે ચાલી રહ્યા છે. દર બુધવારે ગરીબોને ભોજન કરાવવાના કાર્ય માટે કાયમી તિથીનાં દાતાઓ શા. રતનશી વાલજી ગડા, શ્રી શાંતિનાથ જિનાલય પારોલા તિર્થ (સાર્ધ શતાબ્દી નિમિતે), કુંવરબાઈ આશારિયા લોડાયા, લક્ષ્મીબેન ગુલાબચંદ શાહ (અંકલેશ્વર), શ્રી દલેશભાઈ ઝવેરચંદ મોમાયા (ચાલીસગામ), શ્રી ભવાનજી શિવજી લોડાયા હ. મધુરીબેન લોડાયા (ચાલીસગામ) ચંદનબાઈ જીવરાજ લોડાયા (બીડ). વધુ સંપર્ક સૌ. રેખા લલિત મોમાયા (ચાલીસગામ) ફોન ૦૨૫૮૯-૨૨૨૦૫૮

### શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘ

સંઘના ઉપક્રમે મુનિસુવ્રતસ્વામી ગૃહજિનાલયે પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજીની નિશ્રામાં પૂ.આ. ગુણસાગરસુરીની જન્મ શતાબ્દિ, સંયમ હીરક વર્ષ, ૧૦૮ દિવસીય મોબાઈલ ઉજવણી, અને પોતાના સુરિપદ રજતવર્ષે ત્ર્યાન્હિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાશે. તા.૨૧-૩નાં સામૈયું, માંગલિક પ્રવચન, ગુરૂપૂજન, બીજા દિવસે પાર્શ્વનાથ અભિષેક પુજન, અને ત્રીજા દિવસે શાલીભદ્ર પેટી પધરામણી અને મા. કસ્તુરીબેન મુરજી દંડ પરિવાર (લાખાણીયા) ભુમિરાજ ગ્રુપના શ્રી ભુપેન્દ્રભાઈ દંડના ઘરે પુજ્યશ્રી પગલાં કરશે અને મહાપુજન ભણાવશે. મહોત્સવ ખર્ચના દાતાઓમાં અન્યો સાથે મા. કસ્તુરીબેન મુરજી ખોના (સુથરી) લીનાબેન નીતિન કાયાણી (જખૌ) અને માલતીબેન હરીશ ઘરમશી (જખૌ) આદિએ લાભ લીધેલ છે.

### પૂ.સા.શ્રી વિશ્વપ્રભાશ્રીજીનો કાળધર્મ

અચલગચ્છીયા પૂ.સા. શ્રી વિશ્વપ્રભાશ્રીજી મ.સા. (પૂ.સા. વિદ્યુતપ્રભાશ્રીજીના શિષ્યા) તા.૧૬-૩-૧૨નાં ૧-૪૫ ક. ૭૨ જિનાલય તીર્થે નવકાર સ્મરણ કરતાં સમાધિપુર્વક કાળધર્મ પામ્યા. વય ૬૦ વર્ષ, પૂજ્યશ્રીને શાતાવંદના અને શ્રધ્ધાંજલિ.

### કોઠારા–ઘરમશી પરિવાર



કોઠારાનાં ઘરમશી ગોત્ર પરિવારની માતાજીની પહેડી તા.૧૫-૪-૧૨ના કોઠારામાં યોજાયેલ છે. પરિવારનાં ભાવિકોને પધારવા આમંત્રણ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ–રાયપુર

શ્રી અજિત-શાંતિજિન પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવમાં રાયપુરથી ૨૫ જણા તા.૨૨-૨-૧૨ના રવાના થઈ ૨૩-૨-૧૨ના વડોદરા પહોંચ્યા, ત્યાં ક.દ.ઓ. ભવનમાં તૈયાર થઈ દેવદર્શન કરી શ્રી લહેરચંદ કુંવરજી મૈશેરી પરિવાર દ્વારા સુંદર ભોજન વ્યવસ્થા અને સંઘપૂજન અને શ્રી નવિન ઠાકરશી ઘરમશીના ઘરે સંઘપૂજન થયેલ. રાયપુર સંઘ વતી શાલ-શ્રીફળથી પરિવારનું બહુમાન કરવામાં આવેલ. માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારના આમંત્રણ સાથે બસની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. રસ્તામાં દર્શન વંદન કરી રાત્રે શત્રુંજય તીર્થે પહોંચ્યા. ત્યાંની સુંદર વ્યવસ્થા સાથે કાર્યક્રમો માણ્યો. વરઘોડો પણ ખૂબ અનુમોદનીય હતો. ૪ દિવસ રોકાણ કરી જાત્રા કરી ૨૭-૨-૧૨ના રાત્રે દર્શન વંદન કરતાં અમદાવાદથી રાયપુર માટે પ્રયાણ કરેલ. જલગામમાં શ્રી ધનપતિ કુંવરજી મોમાયા પરિવારે સાધર્મિકભક્તિનો લાભ લીધેલ. વિભિન્ન પરિવારો દ્વારા સંઘપુજન થયેલ. પ્રતિષ્ઠા મહોત્સવ અને વ્યવસ્થા જોઈ બધા આનંદિત થયા. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા કાર્યક્રમની અનુશાસનબધ્ધ વ્યવસ્થા પ્રશંસનીય રહી. રાયપુર સંઘે મા. તારાબાઈ માણેકજી મોતા પરિવાર માટે ધર્મ-સમાજમાં કાર્યો માટે હજી વિશેષ શક્તિ મળી રહે તેવી ભાવના ભાવી.

### ભોપાલમાં ભલારાદાદા પાઠ

શ્રી ભલારાદાદાના પાઠ માટે ભુવા શ્રી કિશોરભાઈ સાંયા ભોપાલ પધારતાં એમનું સ્વાગત ભાવેશભાઈ તથા તરૂલતાબેન સાથે ભાવિકો તરફથી કરવામાં આવ્યું. ત્યારબાદ સાંજે શ્રી નવીનભાઈ લોડાયાને ઘરે ભલારાદાદાનો પાઠ કરતાં ભોપાલવાસી સૌ ભાવિકોએ ભાગ લીધેલ અને ભુવાશ્રી કિશોરભાઈ સાંયાએ જ્યોત પ્રજવલીત કરી પાઠની વિધિ સંપન્ન કરેલ. ભલારાદાદાના ઈતિહાસની સમજણ, શા


**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

માટે પાઠ કરવામાં આવે છે. પાઠ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે થાય અને એનું મહત્વ કેટલું તેની સમજણ આપેલ.

બીજા દિવસે સાંજે પંકજ લખમશી દંડનાં ઘરે દાદાનો પાઠ કરી ભક્તિ કરવામાં આવેલ. દર વર્ષે આ જ રીતે સમુહપાઠની વિધિ કરવા ભાવિકો તરફથી નક્કી કરવામાં આવેલ. આ ભક્તિમાં સર્વ શ્રી હેમેન્દ્રભાઈ, નવીનભાઈ, પંકજભાઈ, કીશોરભાઈ વગેરે ખુબજ જહેમત લીધેલ.

### શ્રી મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-ધુલીયા

મંચની બેઠક તા.૧૦-૨-૧૨ના સૌ. કલ્પનાબેન ભાટેના પ્રમુખપદે સૌ. નમ્રતાબેન આશિષ સોનીના ઘરે મળેલ. નવકાર મંત્રના પઠન બાદ "એક મુઠી અનાજ" ભેગું કરવામાં આવેલ. નમ્રતાબેને સૌનું સ્વાગત કરેલ.

નમ્રતાબેને ગેમ રમાડેલ. ટી.વી.પર આવતી જા.ખના લોગો જોઈ તેનું બ્રાન્ડ નેમ લખવાની સ્પર્ધા માટે ૧૦ મિનીટ સમય અપાયેલ. જેમાં પહેલું સૌ. કલ્પનાબેન મયુર ભાટે તથા બીજું સૌ. પ્રેરણાબેન વરૂણ ભાટેને સૌ. નમ્રતાબેને ઇનામ આપેલ અને સૌનો આભાર માનેલ.

મંચની બેઠક તા.૨૩-૨-૧૨ની સૌ. કલ્પનાબેન ભાટેના પ્રમુખપદે સૌ. શિતલબેન પરેશ ભાટેના ઘરે મળેલ. નવકારપઠન કરેલ. સૌ. શીતલબેને સૌને આવકારેલ. સૌએ કલ્પનાબનેનાં લગ્નની ૨૫મી વર્ષગાંઠ નિમિતે એમને શુભેચ્છા આપેલ. તથા ચિ. લોકેશ પરેશ ભાટેને એબેક્સમાં ગોલ્ડ મેડલ મળેલ તેને અભિનંદન આપેલ.

ત્યારબાદ સૌ. શિતલબેને ફુલની માળા ગુંથવાનું શીખવેલ તથા ચિ. લોકેશે વેસ્ટમાંથી બેસ્ટ ટીનના ડબ્બાને શણગારી તેનું પેનસ્ટેન્ડ બનાવવાનું શિખવાડેલ. સૌ. શિતલબેને બે મિનીટની ગેમ રમાડેલ. જેમાં રૂ.૫૦૦ની નોટ વિષે સવાલ આપેલ. જેમાં પ્રથમ વિજેતા સૌ. લતાબેન જયંત શાહ હતા. ૧ મિનીટની ગેમ (ચાર આની આઠ આની તથા એક રૂપિયો એમ બોલી કમર હલાવવાની જેમાં પ્રથમ સૌ. નમ્રતાબેન આશિષ સોની આવ્યા. સરપ્રાઈઝમાં આઈસ્ક્રીમ ખવડાવી તેમાં જેમને ચાર આની મળેલ તે સૌ. ભાવનાબેન ભાટે વિજેતા હતા. બધા ઈનામો સૌ. શિતલબેન તરફથી હતા. સૌ. કલ્પનાબેને લગ્ન રજતજયંતિ નિમિતે સૌને ભેટ આપેલ. સૌ. શિતલબેને સૌનો આભાર માનેલ.


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


### કચ્છ માટે નવી ટ્રેનોની જાહેરાતને આવકાર

રેલ્વે બજેટમાં કચ્છને આ વખતે એકી સાથે ત્રણ ટ્રેનો મળતાં ખુશી છવાઈ છે. ભુજ-બાંદ્રા, ગાંધીધામ-બાંદ્રા તથા ભુજ-શાલીમાર ટ્રેનોની જાહેરાત તથા રેલ્વે કોચની ફેક્ટરી કચ્છમાં સ્થાપવાની જાહેરાતને રેલ્વે વિસ્તરણ અને કચ્છ પેસેન્જર્સ એસો. ભુજનાં પ્રમુખ શ્રી ભરતભાઈ મહેતા, મંત્રી એ.વાય.આકવાની તથા સહમંત્રી શ્રી પ્રબોધ મુનવરે આવકાર આપેલ.

ગાંધીધામ સુધી આવતી ટ્રેનોને ભુજ સુધી લંબાવવા ઉચ્ચ કક્ષાએ રજુઆતો કરવામાં આવી છે.

### માનવજ્યોત દ્વારા કુંડા-ચકલીઘરોનું વિતરણ

શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈની પ્રેરણાથી ઉનાળાની કાળ ઝરતી ગરમીમાં તરસ્યા પક્ષીઓને પીવાનું પાણી મળી રહે તેમજ ચકલીઓને રહેવા ઘર મળી તેવા હેતુ સાથે માનવજ્યોત-ભુજ દ્વારા ચાલુ વર્ષે ૧૫ હજાર માટીનાં પાણીનાં કુંડા તથા ૧૦ હજાર ચકલીઘરનું વિતરણ કરાશે. જીવદયાપ્રેમી દાતાશ્રીઓના સહયોગથી આ કાર્ય ચાલે છે.સંસ્થા દ્વારા છેલ્લા પાંચ વર્ષથી પક્ષીબચાવ અભિયાન ચાલુ છે.

અધ્યક્ષ શ્રી પ્રબોધ મુનવર તથા મંત્રી શ્રી સુરેશભાઈ મહેશ્વરીએ આ જીવદયા કાર્ય હાથ ધર્યું છે. કચ્છનાં વિવિધ કુંભારી કલાકારો પાસેથી કુંડા-ચકલીઘર તૈયાર કરાવાયા છે.

આ કુંડા મંદિરો તથા જાહેર સ્થળોએ લટકાવવામાં આવશે. જીવદયાપ્રેમીઓ મકાનની છત, બાલ્કની, પ્રાંગણ કે વૃક્ષો ઉપર આવા પક્ષીઓનાં પાણી પીવા માટેનાં માટીનાં કુંડા ગોઠવે અને તેમાં પાણી ભરી રાખે જેથી તરસ્યા પક્ષીઓ પોતાની તરસ છીપાવી શકે. માવનજ્યોત દ્વારા શ્વાનો માટે ચાડીઓ તથા ગૌમાતાઓ માટે પાણીની મોટી કુંડીઓ પણ તૈયાર રાખવામાં આવી છે. ચાલુ વર્ષે પક્ષીઘર, કુંડા, કુંડીઓનો મોટા જથ્થો તૈયાર રખાયો છે.

### અચલગચ્છાધિપતિશ્રીને ચાતુર્માસ માટે વિનંતીઓ

સળંગ ૪૩-૪૩ વર્ષીતપનાં આરાધક, ભદ્રેશ્વર તીર્થ પ્રતિષ્ઠાપક, સંઘ શિરછત્ર, તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ


**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને વિવિધ સંઘોએ આ વર્ષના ચાતુર્માસ માટે વિનંતીઓ કરી છે.

અત્યાર સુધી વર્ધમાનનગર (ભુજોડી), નવનીતનગર/ કોવઈનગર (ભુજ), માંડવી ડુમરા, જખૌ, ગઢશીશા, ભુજપુર, કોડાય, દેવલાલી, ડોમ્બીવલી અને અનંતછાયા-ઘાટકોપર સંઘોએ વિનંતી કરી છે.

પૂજ્યશ્રીનાં ચાતુર્માસની જય તા.૨૪-૪-ના અખા ત્રીજે વરસીતપ પારણાં પ્રસંગે જય બોલાવી જાહેર કરાશે. અધિક માસ હોઈ પાંચ મહિનાનો ચાતુર્માસ રહેશે.

### વરાડીયા શૈક્ષણિક સહાય ફંડ

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ટ્રસ્ટફંડ સંચાલિત શૈક્ષણિક સહાય ફંડની પંચવર્ષિય યોજનામાં નોંધાવેલ ફાળાની દાતાઓએ વચનપુર્તિ કરવા જણાવાયું છે. જે વિદ્યાર્થીઓ લોન લઈ અભ્યાસ પૂર્ણ કરી કામ-ધંધે લાગ્યા હોય અને આવકની શરૂઆત થઈ હોય તેમણે અનુકુળતાએ લોન પરત કરે જેથી નવી અરજીઓ પાસ કરવામાં સુગમતા રહે.

### "તન-મન" ટુર્સ ટ્રાવેલ્સની રજતજ્યંતિ

શ્રી ચીમનભાઈ મોતા સંચાલિત "તન-મન" ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ રજતજયંતિ પુર્ણાહુતિએ તા.૧૦ માર્ચના સાંજે કાલિદાસ હોલમાં "જાગો હિંદુસ્તાની" દેશભક્તિનો કાર્યક્રમ તથા તા.૧૭ માર્ચના બિરલા માતુશ્રી સભાગૃહમાં "નમો ગુર્જરી-નમો સ્તુતે" ગર્વીલા ગુજરાતની સંસ્કૃતિ-ગૌરવગાથા ઉજાગર કરતી નૃત્યનાટિકા કાર્યક્રમ પ્રસ્તુત કરાયેલ. જે સાંસ્કૃતિક કાર્યક્રમો "તનમન" પરિવારના ચાહકોએ બન્ને ભરચક હોલની જનમેદની સાથે માણેલ.

આ બન્ને પ્રસંગે "તન-મન"ના શુભેચ્છક અગ્રણી સાહસિકો, ઉદ્યોગપતિઓ, બીલ્ડરો, રાજકીય નેતાઓ, સામાજકિ કાર્યકરો અને પ્રતિષ્ઠત મહાનુભાવો સહ જ્ઞાતિના અગ્રણીઓ પધારેલ.

દશ્ય-શ્રાવ્ય માધ્યમે સમાજના દરેક સ્તરે અગ્રણીઓએ અનુમોદના-આશિર્વચન-શુભેચ્છા વ્યક્ત કરેલ. ટુર-ટ્રાવેલ ક્ષેત્રની ક્લીપ્સ દર્શાવાઈ.

આ અવસરે પુ.આ.શ્રી ચંદનાશ્રીજી મ.સા.આ.ઠા. અને યતિશ્રી મોતીસાગરજી પધારીને મંગલ આશીર્વાદ આપેલ તથા પુ. મુનિ જિનચંદ્રવિજયજી, યતિશ્રી વસંતવિજયજી આદિએ આશિર્વચન આપેલ. "તન-મન"નાં શુભેચ્છકોએ આ પ્રસંગે આત્મીય મેળાવો માણેલ.

પ્રારંભે માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા અને પરિવારજનોએ દીપપ્રાકટ્ય કરેલ. આ રજતોત્સવ સુધીની સફળ મંઝિલ કંડારનાર શ્રી ચીમનભાઈ મોતાએ નમ્રપણે પ્રારંભની કઠણાઈઓ યાદ કરી મદદરૂપ થયેલ વડીલો, માર્ગદર્શકો અને શુભેચ્છકોને યાદ કરી સમાજના સર્વ સ્તરનાં યાત્રિકોનાં પ્રેમ, સાથ સહકારને શ્રેય આપી આ પ્રગતિમાં સૌના સથવારા માટે શ્રેય અને આભાર માનેલ.

બન્ને કાર્યક્રમોમાં રજતજયંતિની ભેટ રૂપે શિખરજી યાત્રા અને કાશ્મીર ટુરનાં લકી ડ્રો કાઢી ભાગ્યશાળીઓને ૨૫મા વર્ષનું સંભારણું અપાયું હતું. આ રજતોત્સવની ખુશાલીરૂપે કેક કાપવાની વિધિ કરાયેલ. આ પ્રસંગે બહોળા પ્રમાણમાં શુભેચ્છા સંદેશા આવ્યા હતા અને "તન-મન" પરિવાર દ્વારા શાનદાર રજતજયંતિ ઉત્સવની યાદગાર ઉજવણી સંપન્ન થઈ હતી. કાર્યક્રમ સંચાલન યુવા શ્રી વૈભવ મોતાએ સંભાળેલ.

---

### ભુલ સુધાર

પ્ર.સ. અંક ૧૨માં જીવનચક્રમાં આંતરજ્ઞાતિય લગ્નમાં ચિ. નિરવ અને તન્વીની ઉમર અનુક્રમે ૩૦ અને ૨૪ છે જે સુધારીને વાંચવી.

ગતાંકમાં શ્રી પરાગ બિપીન પોલડીયા અને પાયલ ઉમેશ નાગડાના લગ્ન શરતચુકથી આંતરજ્ઞાતિય લગ્ન હેઠળ છપાયા છે જે બન્ને જ્ઞાતિના જ છે એટલે સુધારીને લગ્નમાં વાંચવું.

### કાવ્ય-પ્રકાશ : છાયાદાન

જીભ અપશબ્દો કહે, પીઠ ફટકા ખાય
જુવે નહિ આંખો એને પગે કાંટા ભોંકાય
હત્યા કરતા હાથ પણ માથાની ખબર લેવાય
વાંક કોકનો હોય પણ સજા બીજાને થાય!
જે ઠેકાણે માન નહિ, આજીવિકા નહિ મિત્ર,
વિદ્યાની પ્રાપ્તિ નહિં, તજવું તેહ ક્ષેત્ર
ચડતા પુણ્યનું પારખું, ઘેર આવે મહેમાન,
પડતી થાય જો પુણ્યની તો ઘેર ન આવે શ્વાન!
આવે કદી જો શત્રુ પણ ઘટતું આપણું માન
કાપનાર ને ઝાડ પણ આપે છે છાયાદાન.

*- સં. ચીમનલાલ ડી. મોમાયા (સેંઘવા)*

### પરસ્પર સમંતિથી છુટાછેડા

તા.૨૭-૧-૨૦૧૨

| | | | |
|---|---|---|---|
| ડોંબિવલી | ભાવેશ નવીનચંદ્ર દામજી મૈશેરી | નાનીસિંઘોડી | ૨૬ |
| તેરા | પાયલ સુરેશ ધનજી લોડાયા | તેરા | ૨૪ |

| નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) |
|---|

| | |
|---|---|
| **જયેશ કુલીનકાંત શાહ** | ૧૩૮, ગોકુલધામ, સર્વે નં.૭૨/૧, ગળપાદર, પો.ઓ.. આદિપુર કચ્છ-૩૭૦૨૦૫ |
| **ભારતીબેન પ્રેમચંદ નાગડા** | ૬૦૧ ક્ષિતીજ, એન.બી.પાટીલ માર્ગ, રત્ના શોપીંગ માર્ટ પાસે, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૭૧ |
| **લહેરચંદ લાલજી સોની** | ૪૦૩-એ, મુલુન્ડ શાંતિ, મહાકાલી નગર, વિદ્યાલય માર્ગ, મુલુન્ડ (ઈ), મુંબઈ-૪૦૦૦૮૧. ફોન : 23780210 |
| **દિલીપ ઝવેરચંદ નાગડા** | ડી-૬૦૩, મયુરેશ સૃષ્ટી, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦૦૭૮. |
| **મહેશ પોપટલાલ ધરમશી** | શીવસાગર પેલેસ, ૬૦૪, બી રોડ નં.૧૩, તીલકનગર, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૮૯ |
| **શોભનાબેન મહેન્દ્ર મુનવર** | બી/૫, રામેશ્વરમ દર્શન, અયોધ્યાનગરી, માનપાડા રોડ, ડોંબિવલી (ઇ)-૪૨૧૨૦૧. મો.૯૮૯૨૬૫૨૧૧૨ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧-૧૧-૧૧ | કાંજુરમાર્ગ | LLNG011204 | અદવી-રૂપેશ ચીમનલાલ નાગડા | લાલા | કન્યા |
| ૧૬-૨-૧૨ | ડોંબિવલી | DUPL010903 | યશ્વી-વિશાલ રાયચંદ પોલડીયા | ડુમરા | કન્યા |
| ૪-૨-૧૨ | ડોંબિવલી | MDMA013003 | કૃપા-દર્શન શશીકાંત મૈશેરી | માંડવી | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮-૩-૧૨ | મુલુન્ડ | JSDH030903 | ચિંતન નરેન્દ્ર રાયચંદ ધરમશી | જસાપર | ૨૮ |
| | ઔરંગાબાદ | SILO180705 | ફ્રેની કિરણ તેજપાર લોડાયા | સાંયરા | ૨૪ |
| ૧૮-૩-૧૨ | અંધેરી | RPDU010204 | ચિરાગ સોમચંદ વેલજી ધુલ્લા | રાપર | ૨૭ |
| | ઘાટકોપર | NLLI030403 | મેઘના આશિષ વિરેન્દ્ર લાપસીયા | નલીયા | ૨૪ |
| ૧૮-૩-૧૨ | મુલુંડ | VRMO301302 | કુનાલ મહેન્દ્ર મુલજી મોમાયા | વરાડીયા | ૨૮ |
| | મુલુન્ડ | DADA050403 | જિનલ ભરત હીરજી માલદે | દલતુંગી | ૨૨ |
| ૧૮-૩-૧૨૬ | ડોંબિવલી | TRLO010407 | તેજસ જ્ઞાનચંદ તેજપાર લોડાયા (રતાણી) તેરા | | ૨૮ |
| | કોલકત્તા | JKKN060404 | કેયા મહેન્દ્ર ભવાનજી ખોના | જખૌ | ૩૧ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮-૩-૧૨ | ઐરોલી | PRDD011304 | કેવલ કેતન લાલજી દંડ | પરજાઉ | ૨૪ |
| | ભાંડુપ | SNDH010705 | બીજલ હંસરાજ (પુનશી) દેવશી ધરમશી | નાનીસિંધોડી | ૨૪ |
| ૨૬-૨-૧૨ | ગોંદીયા | ISDH050303 | હેમંત શાંતિલાલ કેશવજી ધરમશી | જશાપર | ૨૭ |
| | કૃષ્ણા | BRMO1010603 | મેહુલા દિનેશચંદ્ર શીવજી મોમાયા | બારોઈ | ૨૪ |
| ૨૯-૧-૧૨ | મુલુન્ડ | NLDH012103 | કૌતુક પંકજ નરશી ધરમશી | નલીયા | ૨૪ |
| | સુરેન્દનગર | LAMT030403 | મયુરી વિશનજી કેશવજી મોતા | લાખણીયા | ૨૪ |
| ૩૦-૧-૧૨ | ડોંબિવલી | NLNG121404 | મયુર રાયચંદ ડુંગરશી નાગડા | નલીયા | ૪૬ |
| | મુંબઈ | SNMA040503 | હેમીના તિલક જેઠાભાઈ મૈશેરી | સાંધાણ | ૪૨ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯-૨-૧૨ | મીરારોડ | SNMA080703 | નિખિલ હીરાચંદ ઉમરશી મૈશેરી | મોટીસિંધોડી | ૩૨ |
| | મીરારોડ | A | સોનલ રમણલાલ હરગોવિંદદાસ પટેલ | ચાણસ્મા | ૩૨ |
| ૨૦-૧૨-૧૧ | મુલુન્ડ | JKDH010403 | અમિત દિલીપ પદમશી ધરમશી | જખૌ | ૨૯ |
| | થાણા | A | જયશ્રી રમેશ આનંદ ગાયકવાડ | ખેડગાવ | ૨૭ |
| ૨૫-૨-૧૨ | હુબલી | SNMO040302 | જિતેન શાંતિલાલ જીવરાજ મોમાયા | મોટીસિંધોડી | ૨૯ |
| | હૈદરાબાદ | A | પ્રિયા સત્યનારાયણ શાહ | - | ૨૩ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩-૩-૧૨ | ડોંબિવલી | JSCD020101 | ચંદનબાઈ મણીલાલ મુલજી છેડા | જશાપુર | ૬૯ |
| ૧૬-૩-૧૨ | કોઈમ્બતુર | LLDD011202 | પુરબાઈ લક્ષ્મીચંદ ચાંપશી દંડ | લાલા | ૭૬ |
| -૩-૧૨ | માંડવી | NLLI020501 | જવેરચંદ દેવશી નરશી લાપસીયા | નલીયા | ૭૦ |
| ૧૧-૩-૧૨ | લાવેગાસ (USA) | SUDU041302 | શૈલા હીરાચંદ લક્ષ્મીચંદ દૌલત (ધુલ્લા) | સુથરી | ૬૮ |

# નાગડા કુટુંબનું ગૌરવ.... ભાઈ-બહેનની અનેરી સિધ્ધી



## ચિ. ડો. પ્રતિક અશોક લાલજી નાગડા (શાહ)

(રંગપુર - મુલુન્ડ)

ગુજરાતી માધ્યમ શેઠ મોતીભાઈ પચાણ રાષ્ટ્રીયશાળામાં અભ્યાસ કરી પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરેલ છે.
Medal તથા Certificateનાં ઢગલામાં મહેનતની ભીનાશ છે.
1st Std. to MBBS સુધી Ist Classની સુવાસ છે.
વૈદકિય ક્ષેત્રનાં Intershipની Trainingથી વધતો વિશ્વાસ છે.
આગળ વધ, તારા માટે તો હવે ધરતી, ગગન અને આકાશ છે!

**☀ શુભ આશિષ ☀**

દાદા-દાદી : પ્રેમીલાબેન લાલજી દામજી નાગડા
માતા-પિતા : નયનાબેન અશોક લાલજી નાગડા
નાના-નાની : મણીબેન પ્રેમજી ડુંગરશી ધરવાણી (કોઠારા)

## હાર્દિક અભિનંદન !



## કુ. રચિતા લક્ષ્મીચંદ લાલજી નાગડા (શાહ)

(રંગપુર - મુલુન્ડ)

**M.Com., MBA (Finance) માં Ist Class** ઉત્તીર્ણ થઈ અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે.
પરિશ્રમ કરી જે પ્રારબ્ધની પૂજા કરી લે છે. તે ખરેખર ધૂળનાં ઢેફામાંથી 'રતન' પેદા કરી લે છે.

**☀ શુભ આશિષ ☀**

દાદા-દાદી : પ્રેમીલાબેન લાલજી દામજી નાગડા (રંગપુર)
માતા-પિતા : સરલા લક્ષ્મીચંદ લાલજી નાગડા (મુલુન્ડ)
નાના-નાની : ધનબાઈ કેશવજી નાયા માલદે (દલતુંગી)
મોટા બા-બાપા : વંદના જયંતિલાલ લાલજી નાગડા • જયા કિશોર લાલજી નાગડા
ચંદ્રીકા વિનોદ લાલજી નાગડા • નયના અશોક લાલજી નાગડા
કાકા-કાકી : ભારતી કિર્તી લાલજી નાગડા • બહેન : નિકીતા લક્ષ્મીચંદ નાગડા

સૌજન્ય : કિર્તી એન્ટરપ્રાઈસેસ - 9821065709 / 8080209050

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## જ્ઞાતિગૌરવ ડો. યોગિની ધનલક્ષ્મી વેરશી મૈશેરી (નાનીસિંધોડી–મુંબઈ)



"Bharat Jyoti Award" alongwith certificate of excellence presented to dr. Yogini Meisheri M.D. (Medicine), D.N.B., M.D. (Chest & T.B.), Ph.D.) Advcance Diploma (Jaina Philosophy & Yoga) on going P.D. (Jainology) on 14-2-12 for Meritorious services, outstanding performance and remarkable role in the Medical field by Dr. Bhisma Narain Singh (Former Governor of Tamilnadu & Assam).

### આભાર

પુ. વડિલો, માનનીય જ્ઞાતિજનો, વેગવાન યુવકવર્ગ અને વહાલા ભૂલકાઓ,

પ્રેમથી નમું સૌને, કરજો સ્વીકાર
અંતરના આશિર્વાદ અને શુભેચ્છાઓ રહે સદા બહાર
મારા કાર્યોની સફળતાનાં છો સૌએ આધાર,
અને નિત્ય પ્રેરણા બનવાનો કરતાં રહેજો ઉપકાર
આપ સૌની સાથે આ સંતોષને માણું વારંવાર.
કરું છું પ્રાર્થના કે...
દરેક સત્કાર્યની કસોટીએ નિખરવા રહું સદા તૈયાર

– ડો. યોગિની મૈશેરી (9819328218)

## હાર્દિક અભિનંદન
## ધરમશી (ભાટે) તથા મોમાયા પરિવારનું ગૌરવ



### ચિ. લોકેશ પરેશ ધરમશી (ભાટે)
(સુથરી-ધુલિયા) ઉ. વર્ષ ૧૨

ચિ. લોકેશે મેથેમેટીકસ એબેકસમાં ઇન્ટરનેશનલ ગ્રેડીંગ પરીક્ષામાં ૧૦૦% ગુણ મેળવી પાસ થયેલ છે. રાષ્ટ્રીયસ્તરે યોજાયેલ સ્પર્ધામાં તૃતિય લેવલમાં વિજયી થયા છે. થાણામાં યોજાયેલ એબેકસ એવોર્ડ સમારંભમાં **ગોલ્ડ મેડલ** મેળવેલ છે. આ જ્વલંત સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન..

**શુભાશિષ**

દાદાણાં : માતુશ્રી દેવકુંવરબેન નવીનચંદ ધરમશી (ભાટે) પરિવાર (સુથરી-ધુલિયા)
નાનાણાં : સૌ. ધનલક્ષ્મીબેન દામજી મોમાયા પરિવાર (વરાડિયા-ગદગ)
માતા-પિતા : સૌ. શીતલ પરેશ ધરમશી (ભાટે) (સુથરી-ધુલિયા)

DUN BOW
Designer Lounge
SUITING • SHIRTINGS • TAILORING
Dealers in:
Arvind Raymond Reid & Taylor
MORARJEE J.HAMPSTEAD THE WORLD'S FINEST FABRIC Monti
& Many More Imported Fabrics
Shop no.2, Giri Darshan, Near teen Petrol Pump
Veer SavarkarPath, Ghantali Naka, Thane(W), -400602.
Ph.:25369804

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**

To,